અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ એપ્રિલ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૨ | અંક : ૨૯૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ભારત-ફ્રાંસ વચ્ચે ૨૬ રાફેલ-એમ લડાકૂ વિમાનની ડિલ

૬.૬ અબજ યુરો ના આ સોદામાં ભારતને ૨૨ નંગ સિંગલ-સીટ રાફેલ-એમ (Rafale-M) જેટ અને ૪ નંગ ટ્વીન-સીટ જેટ એમ કુલ ૨૬ નંગ પ્લેન મળશે

## ફ્રાન્સ પાસેથી રાફેલ મરીન ખરીદવા ૬૩૦૦૦ કરોડની ડીલ મંજૂર થઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

આજે ભારત અને ફ્રાન્સે ભારતીય નૌકાદળ માટે ૨૬ રાફેલ મરીન એરક્રાફ્ટ ખરીદવા માટે રૂપિયા ૬૩,૦૦૦ કરોડના મોટા સોદા પર હસ્તાક્ષર કર્યા છે. ભારતીય પક્ષનું પ્રતિનિધિત્વ સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે કર્યું હતું, જ્યાં નૌકાદળના વાઈસ ચીફ વાઈસ એડમિરલ કે સ્વામીનાથન હાજર હતા. ભારતીય નૌકાદળના કાફલામાં ૨૬ રાફેલ મરીન એરક્રાફ્ટ સામેલ થશે. રક્ષા સચિવ રાજેશ કુમાર સિંહ અને વાઈસ ચીફ ઓફ નેવલ સ્ટાફ વાઈસ એડમિરલ કે. સ્વામીનાથનની હાજરીમાં આ કરારની આપ-લે કરવામાં આવી હતી. એક તરફ ભારત પહેલગામ હુમલાના દોષિતો સામે કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. આ સાથે ભારત પોતાની સંરક્ષણ શક્તિ વધારવામાં વ્યસ્ત છે. ભારત અને ફ્રાન્સ વચ્ચે આજે સૌથી મોટી ડિફેન્સ ડીલ થઈ છે. ભારત ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ મરીન ફાઈટર જેટ ખરીદવા માટે કરાર કર્યા છે. આ ડીલ લગભગ ૬૩ હજાર કરોડ રૂપિયાની છે. આ ૨૬ રાફેલ મરીન ફાઈટર એરક્રાફ્ટ ભારતીય નેવી માટે હશે. આ ડીલને થોડા સમય પહેલા સંરક્ષણ પરની કેબિનેટ કમિટીએ મંજૂરી આપી હતી. આ અંતર્ગત ફ્રાન્સ ભારતને ૨૨ સિંગલ-સીટર અને ૪ ટ્વિન-સીટર રાફેલ આપશે. ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુ ૨૭ એપ્રિલે ભારત આવવાના હતા, પણ આતંકવાદી હુમલાને લીધે સર્જાયેલી તંગદિલીને લીધે તેમણે ભારતની યાત્રા મુલતવી રાખી હતી. તેથી હવે બંને દેશોના



સુરક્ષા અધિકારીઓએ ૨૮ એપ્રિલ, સોમવારના રોજ નવી દિલ્હીમાં આ ડીલ પર હસ્તાક્ષર કર્યા હતા. બંને દેશના સંરક્ષણ મંત્રી વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આ મીટિંગમાં હાજર રહ્યા હતા.

ખાસ વાત એ છે કે આજે રાફેલ ફાઈટર એરક્રાફ્ટની ડીલ પર હસ્તાક્ષર થયા છે. તે ભારતીય નૌકાદળ માટે છે. તમામ રાફેલ વિમાન INS વિક્રાંતથી ઓપરેટ થશે. હાલમાં MiG-29s INS વિક્રાંત પર તૈનાત છે. રાફેલ મરીન પ્લેન મિગ-૨૯નું સ્થાન લેશે. આજે, રાફેલ મરીન એરક્રાફ્ટ ફ્લીટની જાળવણી, લોજિસ્ટિક સપોર્ટ, કર્મચારીઓની તાલીમ અને સ્વદેશી ઉત્પાદન પર પણ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. ભારતની આ ડીલથી પાકિસ્તાન ભયમાં છે. કારણ કે પહેલગામ હુમલા બાદ ભારતે INS વિક્રાંતને અરબી સમુદ્રમાં તૈનાત કરી દીધા છે.

રાફેલને લઈને ફ્રાન્સ સાથે ભારતનો આ બીજો કરાર છે. અત્યાર સુધી ફ્રાન્સે ભારતને ૩૬ રાફેલ ફાઈટર જેટ પ્લેન આપ્યા છે. જેઓ ભારતની સરહદો પર પોતાની ગર્જનાથી દુશ્મનોમાં ડરનો માહોલ બનાવી રહ્યા છે. વાયુસેનામાં ૩૬ રાફેલ ફાઈટર પ્લેન તૈનાત છે અને તેના માટે વાયુસેનાએ અંબાલા અને હાશિમારામાં બે સ્ક્વોડ્રનની રચના કરી છે. હવે નવી રાફેલ ડીલ થઈ છે. આ અંતર્ગત ભારતીય નૌસેનાને મળેલા તમામ ૨૬ રાફેલ વિમાનો આપવામાં આવશે. તેમને INS વિક્રાંત પર તૈનાત કરવામાં આવશે. જે INS વિક્રમાદિત્ય પછી ભારતનું બીજું એરક્રાફ્ટ કેરિયર છે. ૬.૬ અબજ યુરો એટલે કે ૬૩,૮૮૭ કરોડ રૂપિયાના આ સોદામાં ભારતને ૨૨ નંગ સિંગલ-સીટ રાફેલ-એમ (Rafale-M) જેટ અને ૪ નંગ ટ્વીન-સીટ જેટ એમ કુલ ૨૬ નંગ પ્લેન મળશે. એ ઉપરાંત આ રકમમાં શસ્ત્રો, સિમ્યુલેટર, ક્રૂને આપવામાં આવનારી તાલીમ, વિમાનોની જાળવણી સહાય તથા પાંચ વર્ષ માટે પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સનો સમાવેશ થાય છે. ભારતીય વાયુસેના દ્વારા હાલમાં જે ૩૬ નંગ રાફેલ વિમાનો ઉપયોગમાં લેવાઈ રહ્યા છે એના સ્પેરપાર્ટ્સ અને સાધનોનો પણ આ ડીલનાં સમાવેશ થાય છે. આ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો વિદેશી સંરક્ષણ સોદો છે. રાફેલ જેવા અત્યાધુનિક ફાઈટર જેટ પ્લેનના નિર્માણ અને પરીક્ષણમાં ખાસ્સો સમય લાગતો હોવાથી વર્તમાન સોદાની ડિલિવરી મેળવવા માટે ભારતે ઓછામાં ઓછા ચાર વર્ષ રાહ જોવી પડશે. પહેલો બેચ ૨૦૨૯ના અંત સુધીમાં મળવાની અપેક્ષા છે, જ્યારે સમગ્ર ઓર્ડર ૨૦૩૧ સુધીમાં પૂરો પાડવામાં આવશે. આ વિમાનો INS વિક્રમાદિત્ય અને INS વિક્રાંત જેવા વિમાનવાહક જહાજો પરથી સંચાલિત થશે.

### IPLમાં સૌથી વધુ ફિફ્ટી ફટકારનારા ટોપ-૫ બેટર

। નવીદિલ્હી, તા.૨૮ ।

IPL ૨૦૨૫ની અત્યાર સુધી ૪૭ મેચ રમાઈ ચૂકી છે. સોમવારે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મેચ છે. અત્યાર સુધીમાં ૨૩ બેટ્સમેનોએ ૨ કે તેથી વધુ ફિફ્ટી ફટકારી છે. વિરાટ કોહલી તો શાનદાર ફોર્મમાં છે. IPL ૨૦૨૫માં અત્યાર સુધી સૌથી વધુ ફિફ્ટી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં વિરાટ કોહલી ટોપ પર છે. ચાલો જોઈએ આ સિઝનમાં સૌથી વધુ ફિફ્ટી ફટકારનારા ટોપ-૫ બેટર વિશે.

IPL ૨૦૨૫માં અત્યાર સુધી સૌથી વધુ ફિફ્ટી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં ઈઝમ્નો વિરાટ કોહલી ટોપ પર છે. તેણે રવિવારે દિલ્હી કેપિટલ્સ સામે ફિફ્ટી ફટકારી હતી, જે આ સિઝનમાં તેની છઠ્ઠી ફિફ્ટી છે. કોહલીએ અત્યાર સુધી ૧૦ મેચમાં ૪૪૩ રન બનાવ્યા છે અને સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોમાં પણ ટોપ પર છે, એટલે કે તે ઓરેન્જ કેપની રેસમાં સૌથી આગળ છે. ગુજરાત ટાઈટન્સનો બી સાઈ સુદર્શન IPL ૨૦૨૫માં સૌથી વધુ ફિફ્ટી ફટકારનારા બેટ્સમેનોની યાદીમાં બીજા નંબર પર છે. તેણે અત્યાર સુધીમાં ૮ મેચમાં ૫ ફિફ્ટી સહિત ૪૧૭ રન બનાવ્યા છે. આ યાદીમાં લખનઉ સુપર જાયન્ટ્સનો મિચેલ માર્શ ત્રીજા નંબર પર છે.

ક્રિમીયાને રશિયાનો હિસ્સો ક્યારેય નહીં માનીએઃ યુક્રેન

## રશિયાના યુક્રેન પર ૧૫૦થી વધુ ડ્રોન હુમલાઃ ચારનાં મોત, પાંચ લોકો ઘાયલ

। (એજન્સી) કિવ, તા.૨૮ ।

રશિયાએ યુક્રેન પર ૧૫૦ ડ્રોન હુમલા કરીને અનેક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ ડ્રોન હુમલા એવા સમયે થયા છે, જ્યારે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનની યુદ્ધ સમાપ્ત કરવાની ઈચ્છા અને તૈયારી પર શંકા વ્યક્ત કરી હતી.કોસ્ટ્યાન્ટિનીવકા પર થયેલા હવાઈ હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને ચાર ઘાયલ થયા હતા. સ્થાનિક ગવર્નર સેરહી લિસાકે જણાવ્યું હતું કે, ડિનિપ્રોપેટ્રોવસ્ક પ્રદેશના પાવલોહરાડ શહેરમાં સતત ત્રીજી રાત્રે થયેલા ડ્રોન હુમલામાં વધુ એક વ્યક્તિનું મોત થયું હતું અને એક ૧૪ વર્ષની છોકરી ઘાયલ થઈ હતી.



યુક્રેનિયન વાયુસેનાએ જણાવ્યું હતું કે રશિયાએ ૧૪૯ વિસ્ફોટક ડ્રોન અને ઉપકરણોનો ઉપયોગ કર્યો હતો, જેમાંથી ૫૭ને અટકાવવામાં આવ્યા હતા અને ૬૭ને જપ્ત કરવામાં આવ્યા હતા. યુક્રેનિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે રશિયાએ કુર્સ્ક પ્રદેશના બાકીના ભાગ પર ફરીથી નિયંત્રણ મેળવ્યાનો દાવો કર્યો હોવાથી આ હુમલાઓ થયા છે. ગયા વર્ષે ઓગસ્ટમાં કુર્સ્ક પ્રદેશ યુક્રેનિયન દળો દ્વારા કબજે કરવામાં આવ્યો હતો. કુર્સ્ક ખાતેનું યુદ્ધ હજુ પણ ચાલુ છે. ટ્રમ્પે જણાવ્યા મુજબ તેમને શંકા છે કે પુતિન યુક્રેનમાં ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માંગે છે. તેમણે એ પણ શંકા વ્યક્ત કરી કે શાંતિ કરાર ટૂંક સમયમાં થઈ શકે છે. એક દિવસ પહેલા ટ્રમ્પે કહ્યું હતું કે યુક્રેન અને રશિયા એક કરારની ખૂબ નજીક છે.રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને યુદ્ધવિરામ વાટાઘાટો વચ્ચે ટ્રમ્પના ક્રિમીયાને રશિયાનો ભાગ જાહેર કરવાના પ્રસ્તાવથી યુક્રેનિયન સરકાર ચોંકી ગઈ છે. આ પ્રસ્તાવ અંગે યુક્રેનિયન અધિકારીઓ અને જનતાનું સ્પષ્ટ કહેવું છે કે, તેઓ ક્યારેય ક્રિમીયાને રશિયાના ભાગ તરીકે સ્વીકારશે નહીં.

પહલગામ હુમલા પર ફારૂક અબ્દુલ્લાનો રોષ

## પાકિસ્તાન સાથે વાત કરવાનો સમય ગયો, હવે આકરો જવાબ મળશે

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલા અંગે દેશભરમાં શોક અને આક્રોશનો માહોલ છે. પૂર્વ સીએમ અને જમ્મુ-કાશ્મીર નેશનલ કોન્ફરન્સના નેતા ફારૂક અબ્દુલ્લાએ આ હુમલાની નિંદા કરતાં પાકિસ્તાન પર રોષ ઠાલવ્યો છે. તેમણે કહ્યું કે, હવે પાકિસ્તાન સાથે વાત કરવાનો કોઈ અર્થ નથી. કારણકે, તેમણે માનવતાની હત્યા કરી દીધી છે.

ભારતે ૧૯૪૭માં ટૂ-નેશન થિયરીને ફગાવી હતી. આજે પણ તેનો સ્વીકાર કરવા તૈયાર નથી. કારણકે, દેશમાં હિન્દુ-મુસ્લિમ, શીખ અને ખ્રિસ્તી તમામ એક છે. મીડિયા સાથે વાતચીત કરતાં નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ જણાવ્યું કે, દુર્ભાગ્યવશ



આપણો પડોશી દેશ આજે પણ સમજી રહ્યો નથી કે, તેણે માનવતાની હત્યા કરી છે. તેઓ માને છે કે, આ કૃત્ય બાદ આપણે પાકિસ્તાન જતાં રહીશું, તો તેમની આ ગેરસમજને દૂર કરવી જોઈએ. તેમણે કહ્યું કે, અમે ૧૯૪૭માં તેમની સાથે નથી ગયા, તો આજે કેમ જતાં રહીએ? અમે ટુ-નેશન થિયરી ત્યારે પણ દરિયામાં વહાવી દીધી હતી. અને આજે પણ સ્વીકાર કરવા તૈયાર નથી.

યુપીના કૌશાંબીમાં મોટી દુર્ઘટના

## તળાવ કિનારે ભેખડ ધસી, ૫ મહિલાના દટાઈ જતાં મોત

। (એજન્સી) કૌશાંબી, તા.૨૮ ।

ઉત્તરપ્રદેશના કૌશાંબી જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ. અહીં ભેખડ ધસી પડતાં ૫ મહિલા દટાઈ જતાં મૃત્યુ પામી. જેમાં એક ૧૬ વર્ષની છોકરી પણ સામેલ હતી. જોકે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ દુર્ઘટનાને કારણે સમગ્ર વિસ્તારમાં સન્નાટો પ્રસરી ગયો હતો. મૃતકોના ઘરમાં માતમની સ્થિતિ જોવા મળી. આ સમગ્ર ઘટના કોખરાજ પોલીસ સ્ટેશનની હદમાં આવતા ટીકર ડીહ ગામમાં બની હતી. જ્યાં અમુક મહિલાઓ અને છોકરીઓ સરકારી તળાવમાંથી માટી લેવા પહોંચી હતી. ત્યારે ભેખડ ધસી પડતાં મહિલાઓ દટાઈ ગઈ હતી. દુર્ઘટના વખતે આશરે ડઝનેક મહિલાઓ માટી નીચે દટાઈ હતી. જોકે ઘટનાસ્થળે બચાવ-બચાવની બૂમો સાંભળી ગામના લોકો દોડી આવ્યા હતા. જોકે ગ્રામીણો પહોંચ્યા ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હતું કેમ કે પાંચ મહિલાઓ ત્યાં સુધીમાં મૃત્યુ પામી ચૂકી હતી. હાલમાં પોલીસે તમામ મૃતદેહોને કબજે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. જોકે ઘાયલોની સારવાર ચાલી રહી છે.

પાકિસ્તાનમાં ફફડાટ

## સ્કર્દુ એરબેઝ એક્ટિવ, ફાઈટર જેટ તૈનાત, ભારત તરફથી એરસ્ટ્રાઈકનો ડર

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પાકિસ્તાનમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. પાકિસ્તાન ભારતને લઈને ખૂબ જ ચિંતિત છે અને તેને ડર છે કે ભારત તેની વિરુદ્ધ હવાઈ હુમલો કરી શકે છે. તેને ધ્યાનમાં રાખીને પાકિસ્તાને સ્કર્દુ એરબેઝને સક્રિય કરી દીધું છે અને તેના ફાઈટર પ્લેન ખૂબ જ નીચા ઉડતા જોવા મળી રહ્યા છે. પાકિસ્તાને દક્ષિણી સેક્ટરમાં ફાઈટર જેટ તૈનાત કર્યા છે. પાકિસ્તાને દક્ષિણી સેક્ટરમાં ચીનના J-10, JF-17, F-16 ફાઈટર જેટ્સ તૈનાત કર્યા છે. પાકિસ્તાનને તેની લાઈફલાઈન કહેવાતા કરાચી પોર્ટ પર હુમલાનો ડર છે. પાકિસ્તાની સેના પણ ભારતની હિલચાલથી ડરી રહી છે. પાકિસ્તાને સરહદી વિસ્તાર તરફ સેનાની ટ્રકો મોકલી છે. સરહદી વિસ્તારોમાં પાકિસ્તાની સૈનિકોની અવરજવર વધારી દેવામાં આવી છે. પાકિસ્તાની સૈનિકો અને હથિયારોનો માલ સરહદ તરફ મોકલવામાં આવ્યો છે.

વધુ ત્રણ મકાનો જમીનદોસ્ત કરાયા

## જમ્મુ અને કાશ્મીરમાં પહલગામ હુમલો બાદ આતંકીઓ સામે કાર્યવાહી જારી

। (એજન્સી) શ્રીનગર, તા.૨૮ ।

જમ્મુ અને કાશ્મીરમાં પહલગામ આતંકવાદી હુમલા બાદ આતંકવાદી નેટવર્ક સામે તેની કાર્યવાહી ચાલુ રાખીને, સત્તાવાળાઓએ બાંદીપોરા, પુલવામા અને શોપિયા જિલ્લામાં ત્રણ કથિત સક્રિય આતંકવાદીઓના ઘરોને તોડી પાડ્યા હતા. આ સાથે ૨૨ એપ્રિલે પહલગામની બૈસરન ખીણમાં થયેલા હુમલા બાદ અત્યાર સુધીમાં શંકાસ્પદ આતંકવાદીઓના નવ મકાનો તોડી પાડવામાં આવ્યા છે. પહેલગામ આતંકવાદી હુમલા પછી આતંકવાદ વિરોધી કામગીરીએ વેગ પકડ્યો છે, જે અંતર્ગત સુરક્ષા દળોએ માત્ર પાંચ દિવસમાં ઘાટીમાં ૫૦૦ થી વધુ સ્થળોએ દરોડા પાડ્યા છે અને સેંકડો શંકાસ્પદોની પૂછપરછ કરી છે. રાજકીય પક્ષોએ કેન્દ્રને વિનંતી કરી છે કે તે સુનિશ્ચિત કરે કે આતંકવાદીઓ સામે કાર્યવાહી કરતી વખતે નિર્દોષ લોકોને નિશાન બનાવવામાં ન આવે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગયા વર્ષે આતંકવાદી જૂથમાં સામેલ થયેલા આતંકવાદી અદનાન શફીનું ઘર શનિવારે રાત્રે શોપિયાં જિલ્લાના વાંડીનામાં તોડી પાડવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે પુલવામા જિલ્લામાં અન્ય એક શંકાસ્પદ સક્રિય આતંકવાદી આમિર નઝીરનું ઘર પણ તોડી પાડવામાં આવ્યું હતું.

પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન

## દેશના વોન્ટેડ આતંકી પન્નુએ ભારત વિરૂદ્ધ ઝેર ઓક્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ખાલિસ્તાની નેતા ગુરપતવંત સિંહે ભારત વિરૂદ્ધ ઝેર ઓક્યું છે. તેણે ભારતના બદલે પાકિસ્તાનને સમર્થન આપતાં નિવેદન આપ્યું છે કે, અમે પંજાબની સરહદો પરથી ભારતને પાકિસ્તાન પર હુમલો નહીં કરવા દઈએ. ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકી અને એસએફજે (શીખ ફોર જસ્ટિસ)ના પ્રમુખ પન્નુએ આઝાદ ડિજિટલના માધ્યમથી ખુલ્લેઆમ પાકિસ્તાનને સમર્થન આપ્યું છે. તેમજ ભારતને ધમકી આપી છે કે, આ ૧૯૬૫ કે ૧૯૭૧ નથી.... ૨૦૨૫ છે. હું પાકિસ્તાનની જનતાને વિશ્વાસ આપું છું કે, અમે પાકિસ્તાનની સાથે ઈંટની જેમ ઉભા છીએ. કોઈ પણ ભારતીય સેનાની તાકાત નથી કે, તે પંજાબ ક્રોસ કરી પાકિસ્તાન પર હુમલો કરે. કારણકે, પાકિસ્તાનનું નામ જ પાક છે. પન્નુએ કહ્યું કે, અહીં પાકિસ્તાનને સમજવાની જરૂર છે, શીખ સમજી ચૂક્યા છે. જો કે, પન્નુએ પાકિસ્તાનની સરકાર અને આવામની સામે ખાલિસ્તાનને માન્યતા આપવાની શરત મૂકી છે. તેણે પહલગામમાં હિન્દુઓના નરસંહાર પર ભારત પર જ આરોપ મૂક્યો છે કે, આ હુમલા પાછળ રાજનીતિ થઈ છે. ભારતે પાકિસ્તાનને વિખુટો પાડી દેવા હિન્દુઓની હત્યા કરી છે. વિશ્વભરમાં અમે પાકિસ્તાન સાથે ઉભા રહીશું. અને ખાતરી કરીશું કે, ભારતની કૂટનીતિથી પાકિસ્તાન એકલું ન પડી જાય. પન્નુએ કહ્યું કે, જે પહલગામમાં બન્યું, જે લોકોએ હિન્દુઓને માર્યા, તેનું કારણ સમજવુ જરૂરી છે.

બ્લાસ્ટની ઘટનામાં અનેક લોકો ઘાયલ

## પાકિસ્તાનના વઝીરીસ્તાનમાં ભયાનક બ્લાસ્ટ, સાતના મોત

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પાકિસ્તાનના દક્ષિણ વઝીરિસ્તાનમાંથી વિસ્ફોટના સમાચાર આવ્યા છે. આ વિસ્ફોટમાં સાત લોકોના મોત થયાના અહેવાલ છે. જ્યારે ઘણા લોકો ઘાયલ થયા હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, સ્થાનિક શાંતિ સમિતિની બેઠક દરમિયાન આ વિસ્ફોટ થયો હતો. બોમ્બ વિસ્ફોટમાં વાના બજારમાં સ્થિત શાંતિ સમિતિનું કાર્યાલય સંપૂર્ણપણે નાશ પામ્યું છે. અનેક લોકો કાટમાળમાં ફસાયેલા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિસ્ફોટમાં એક ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. અત્યાર સુધીમાં કાટમાળમાંથી ૪ ઘાયલોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. ડેઈલી ટાઈમ્સના અહેવાલ અનુસાર દક્ષિણ વઝીરિસ્તાનના વાના વિસ્તારમાં સ્થાનિક શાંતિ સમિતિના સભ્યના કાર્યાલયને નિશાન બનાવીને કરવામાં આવેલા ઘાતક વિસ્ફોટમાં ઓછામાં ઓછા સાત લોકો માર્યા ગયા અને ૧૫ થી વધુ ઘાયલ થયા. વિસ્ફોટને કારણે ઓફિસ ધરાશાયી થઈ ગઈ અને ત્યાં હાજર લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. સ્થાનિક રહેવાસીઓ સાથે બચાવ ટીમો ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ઘાયલો અને મૃતકોને બચાવી લીધા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વિસ્તારને ઘેરી લીધો હતો અને હુમલા માટે જવાબદાર લોકોની ઓળખ માટે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવી રહ્યું છે.

સેનામાં અસંતોષનો માહોલ

## આર્મી ઓફિસરોના ધડાધડ રાજીનામા પડતા પાકિસ્તાની સેનામાં હડકંપ

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

ભારત તરફથી જવાબી કાર્યવાહીની દહેશતથી પાકિસ્તાનમાં અને પાકિસ્તાનની સેનામાં ભારે હડકંપ મચ્યો છે. આ બધા વચ્ચે પાકિસ્તાનમાં સૈન્ય ઓફિસરો અને સૈનિકોના રાજીનામા પડી રહ્યા છે. એવું કહેવાઈ રહ્યું છે કે પાકિસ્તાનમાં ૧૦૦ જેટલા સેનાના કમાન્ડરો અને ૫૦૦ આસપાસ સૈનિકોએ નોકરી છોડવાની જાહેરાત કરીને પોતાના રાજીનામા મોકલી દીધા છે. ભારત તરફથી જે રીતે તૈયારીઓ થઈ રહી છે તે જોતા પાકિસ્તાનમાં હાલ ભારે ખળભળાટ મચ્યો છે. એવું કહેવાય છે કે સેનાધ્યક્ષ જનરલ આસિમ મુનીરનો ખેલ હવે ખતમ થવાનો છે. મુનીર પર આતંકવાદી સંગઠનો દ્વારા કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલો કરાવવાનો આરોપ છે. અણેરિકા પણ મુનીરને પસંદ કરતું નથી. આવામાં મુનીરનો આ દાવ ઉલ્ટો પડતો જોવા મળી રહ્યો છે. ભારત-પાકિસ્તાન સરહદની સુરક્ષા કમાન સંભાળનારી ૧૧મી કોરના ટોચના કમાન્ડર લેફ્ટેનન્ટ જનરલ ઉમર અહમદ બુખારીએ સેના હેડક્વાર્ટરને આ અંગે જાણકારી મોકલી છે. તેમણે તાબડતોબ રાજીનામાને મોટું સંકટ ગણાવ્યું છે. એવું કહેવાય છે કે સૈન્ય કમાન્ડર પોતે અસમંજસમાં છે. મનમાની રીતે એક કોરથી બીજી કોરમાં રિપોર્ટિંગ, ટ્રાન્સફર-પોસ્ટિંગમાં ભાઈ-ભત્રીજાવાદ અંગે ઓફિસરો અને સૈનિકોમાં ગુસ્સો છે. સમયસર પગાર નહીં મળવાથી અને કામ કરવાની ખરાબ રીતભાતથી પણ નારાજગી જોવા મળી રહી છે.

**ન્યૂઝ બ્રિફ**

## શેરડીના રસમાં દવા આપી બેહોશ કરી રોકડ-દાગીના લૂંટી લીધા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

માધુપુરાના વૃદ્ધા રિક્ષામાં ચાંદલોડિયા રહેતા ભાઈના ઘરે જતા હતા ત્યારે રિક્ષામાં અગાઉથી બેઠેલી બે મહિલાએ રિક્ષાચાલક સાથે મળીને વૃદ્ધાને જબરદસ્તીથી શેરડીના રસમાં દવા આપીને બેહોશ કર્યા હતા. બાદમાં દાગીના સહિતની ૪૮ હજારની મતા લૂંટી લીધી હતી. બીજા દિવસે વૃદ્ધા ભાનમાં આવ્યા ત્યારે તે અડાલજમાં અવાવરુ જગ્યાએ હતા. માધુપુરા પોલીસે ગુનો નોંધીને લૂંટ કરતી ગેંગ શોધવા તજવીજ હાથ ધરી છે. માધુપુરામાં રહેતા ૬૦ વર્ષીય કંચનબેન બોડાણા ચાંદલોડિયામાં રહેતા તેમના ભાઈના ત્યાં જવા નીકળ્યા હતા. દુધેશ્વરથી તે રિક્ષામાં બેઠા ત્યારે બે મહિલા પેસેન્જર બાળકો સાથે હતી. દુધેશ્વરથી આગળ નીકળીને મહિલાઓએ શેરડીનો રસ પીવા માટે રિક્ષા ઊભી રખાવી હતી. ત્યારે આ મહિલાઓએ કંચનબેનને પણ જબરદસ્તીથી શેરડીનો રસ પીવડાવ્યો હતો. ત્યારબાદ રિક્ષા ચાંદલોડીયા તરફ હંકારી હતી. બીજા દિવસે કંચનબેન અડાલજ પાસે બેભાન અવસ્થામાં હતા અને ભાનમાં આવ્યા ત્યારે જોયું તો તેમના દાગીના અને સામાન મળી કુલ ૪૮ હજારની મતા ગાયબ હતી. જેથી તે ગભરાઈ ગયા હતા અને તેમણે રસ્તા પર આવીને એક વ્યક્તિની મદદ લઈને ઘરે પહોંચ્યા હતા. બીજી તરફ કંચનબેનના પરિવારજનોએ માધુપુરા પોલીસને કંચનબેનના ગુમ થવા અંગે જાણવા જોગ ફરિયાદ પણ નોંધાવી હતી. ત્યારે પોલીસે કંચનબેનની ફરિયાદને આધારે ગુનો નોંધીને સીસીટીવી ફુટેજના આધારે રિક્ષાની ભાળ મેળવવા તપાસ શરૂ કરી છે.

## યુવતીને ઇમોશનલ બ્લેકમેલ કરી ખોટા પુરાવાથી લગ્ન કર્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

સુરેન્દ્રનગરના યુવકે એક યુવતીને સરકારી નોકરીની લાલચ આપીને મિત્રતા કેળવી હતી. બાદમાં યુવકે લગ્નનો પ્રસ્તાવ મૂકીને ઝેરી દવા પીવાનું નાટક કરીને ઈમોશનલ બ્લેકમેઈલ કરી હતી. જે બાદ યુવક આ યુવતીને મિરઝાપુર કોર્ટ સામે આવેલા ક્રિષ્ના મેરેજ બ્યુરોમાં લઈને આવ્યો હતો અને ત્યાં લગ્ન કર્યા હતા. જોકે, યુવકના અગાઉ લગ્ન થયા હતા અને તેણે છૂટાછેડા લીધા હોવાનું ધ્યાને આવતા યુવતીએ સંબંધ કાપી દેવાનું કહેતા યુવક ઉશ્કેરાઈ ગયો હતો. યુવકે લગ્નના કાગળો યુવતીના ઘરે મોકલીને બદનામ કરવાનો પ્રયાસ કર્યો હતો. લગ્નના કાગળોમાં ચેડા કર્યા હોવાનું સામે આવતા યુવતીએ શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સુરેન્દ્રનગરની ૨૬ વર્ષીય ધારા (નામ બદલેલ છે) નામની યુવતી સીએચસી કેન્દ્રમાં નોકરી કરતી હતી ત્યારે વિકી દેવૈયા (રહે. સુરેન્દ્રનગર) સાથે પરિચય થયો હતો.

### મહેસાણા SOGએ મહિલા સામે કાર્યવાહી હાથ ધરી

# ગેરકાયદે ઘુસેલી બાંગ્લાદેશી મહિલા ઊંઝા તાલુકામાંથી ઝડપાઈ

### પાસપોર્ટ વિઝા વગર ભારત દેશમાં ગેરકાયદે પ્રવેશ કરીને ઊંઝા આવેલી બાંગ્લાદેશી મહિલાને રિસ્ટ્રીક્શનમાં રાખવામાં આવી છે

। (એજન્સી) મહેસાણા, તા.૨૮ ।

મહેસાણા જિલ્લામાં પોલીસે બે દિવસથી હાથ ધરેલી તપાસ અંતર્ગત પશ્ચિમ બંગાળના ૧૮૭ નાગરિકોની તપાસ કરી હતી. જે દરમિયાન ઊંઝાના વણાગલા રોડ પર એક ઓરડીમાંથી ગેરકાયદે ઘુસેલી બાંગ્લાદેશી મહિલાને એસઓજીની ટીમે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.



પાસપોર્ટ-વિઝા વગર ભારતમાં ઘુસેલા બાંગ્લાદેશી નાગરીકો અંગે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની ઝુંબેશ અંતર્ગત મહેસાણા જિલ્લાનાં વિવિધ પોલીસ મથકોના સ્ટાફ દ્વારા પશ્ચિમ બંગાળના કુલ ૧૮૭ નાગરિકોની તપાસ પૂર્ણ કરી છે. દરમિયાન મહેસાણા SOG પીએસઆઈ એમ.બી.સિંધવ ટીમ સાથે ઉનાવા વિસ્તારમાં આ કામગીરીમાં હતા ત્યારે મળેલી બાતમી આધારે ટીમે ઊંઝાના વણાગલા રોડ ઉપરના મહાકાળી મંદિરની એક ઓરડીમાં રહેતી બાંગ્લાદેશી મહિલા મયુરીખાતુન ઈશ્માઈલ મકુમ (ઉં.વ.૩૦) (મૂળ રહે. જિલ્લો જોશોર, બાંગ્લાદેશ)ની પૂછપરછ કરી હતી. જેમાં તે બાંગ્લોદેશી હોવાનું જણાતાં એસઓજી કચેરીએ લાવીને વધુ પૂછપરછ કરતાં તેની પાસે કોઈ પાસપોર્ટ કે વિઝા ન હોવાનું તેમજ બાંગ્લાદેશી નાગરિક હોવાની કબૂલાત કરી હતી. તેની પાસે કોઈ ભારતીય ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ કે અન્ય પુરાવા પણ ન હોવાનું જણાવતી હતી.

મહિલાનો મોબાઈલ ફોન જપ્ત કરી નિવેદન લેવાયું હતું. પાસપોર્ટ વિઝા વગર ભારત દેશમાં ગેરકાયદે પ્રવેશ કરીને ઊંઝા આવેલી બાંગ્લાદેશી મહિલાને રિસ્ટ્રીક્શનમાં રાખવામાં આવી છે.

### સુરતમાં આત્મહત્યાની ઘટના અવિરત બની રહી છે

# સુરતમાં આત્મહત્યાનો સિલસિલો અવિરત, વધુ ત્રણે જીવન ટૂંકાવ્યા

### ડિંડોલીમાં લોનના હપ્તા નહીં ભરાતા યુવકે આપઘાત કર્યો હતો જ્યારે પુણાગામમાં યુવાન પરિણીતાએ ફાંસો ખાધો હતો

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

સુરતમાં આત્મહત્યાની ઘટના અવિરત બની રહી છે, વધુ ત્રણે જીવ ટૂંકાવ્યો હોવાનું સરકારી ચોપડે નોંધાયું છે. સરથાણામાં વૃદ્ધાએ ગૃહ ક્લેશથી કંટાળી આપઘાત કર્યો હતો, ડિંડોલીમાં લોનના હપ્તા નહીં ભરાતા યુવકે આપઘાત કર્યો હતો જ્યારે પુણાગામમાં યુવાન પરિણીતાએ ફાંસો ખાધો હતો.આપઘાતના પહેલા કિસ્સા મુજબ મૂળ ભાવનગર જિલ્લામાં આવેલા તળાજા ગામના વતની વૃધ્ધા ગૌરીબેન નરશીભાઈ બેલડીયા હાલ શહેરમાં સરથાણામાં આવેલી ખોડલ છાયા સોસાયટીમાં પુત્ર સાથે રહેતા હતા. તેમનો પુત્ર એમ્બ્રોઈડરીનું ખાતું ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. શનિવારે ગૌરીબેને પોતાના ઘરમાં ઝેરી દવા પી આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. શનિવારે સાંજે ગૌરીબેનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. હાલ તો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. હાલ તો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ગૌરીબેને ગૃહ ક્લેશથી કંટાળી અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે.બીજા કિસ્સામાં મૂળ મહારાષ્ટ્રના જલગાંવના વતની ૪૨ વર્ષીય રોહિદાસ ડિગળેર મહાલે હાલમાં ડીંડોલીમાં પરિવાર સાથે રહેતા હતા. તેમને પરિવારમાં પત્ની અને બે સંતાન છે, તેઓ નોકરી કરી પરિવારનું ભરણપોષણ કરતાં હતા. સામાન્ય પગારમાં ઘર ચલાવવા રોહિદાસે અલગ અલગ બેન્કમાંથી લોન લીધી હતી. જોકે, નજીવા પગારમાં બેંકના હપ્તા ભરવાનું આકરું બન્યું હતું. જેથી રોહિદાસે આજે સવારે પોતાના ઘરમાં લોખંડના હૂક સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે ડીંડોલી પોલીસે આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી. ત્રીજા કિસ્સામાં મૂળ મધ્ય પ્રદેશના વતની ૨૨ વર્ષીય સુરતાબેન શાંતુ ડામોર હાલમાં સુરત શહેરના પુણા વિસ્તારમાં આવેલા શાશ્વત પ્લાઝાની પાછળ રહેતા હતા. તેમના પતિ શાંતુ ડામોર મજૂરી કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. સુરતાબેને રવિવારે વહેલી સવારે ઘર નજીક આવેલા ઝાડની ડાળી સાથે દુપટ્ટો બાંધી રહસ્યમય સંજોગોમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

# ૧૦થી વધુ બ્રિજ જર્જરિત હાલતમાં, અનેકવાર રજૂઆતો છતાં તંત્ર ગાઢ નિંદ્રામાં

### હાલ તો તમામ બ્રિજને ૩૦ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં કોઈ પણ પ્રકારનું રીપેરીંગ કામ કરવામાં આવ્યું નથી

। (એજન્સી) જામનગર, તા.૨૮ ।

જામનગર જિલ્લાના જોડીયા તાલુકામાં પુલ જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યા છે. જાંબુડાથી લઈને જોડિયા સુધી ૧૦થી વધુ બ્રિજ જર્જરિત હાલતમાં હોવાથી લોકો જીવના જોખમે પસાર થઈ રહ્યા છે. ઈંદ્રઢ વિભાગના અધિકારી સાથે વાત કરતા ગોળ ગોળ જવાબો સામે આવ્યા હતા. હાલ તો તમામ બ્રિજને ૩૦ વર્ષ જેટલો સમય થઈ ગયો હોવા છતાં કોઈ પણ પ્રકારનું રીપેરીંગ કામ કરવામાં આવ્યું નથી. જામનગરથી જોડીયા જવાના રસ્તે તમામ પુલો જર્જરિત હાલતમાં છે. જેમાં પુલની નીચેની બાજુ ગાબડા પાડયા છે અને સળિયા પણ દેખાય છે. તેમ છતાં તંત્ર દ્વારા અહીં એક વાર પણ સમારકામ કરવામાં આવ્યું નથી. અહિયાંથી દરરોજ ૨૦ હજારથી વધુ લોકો અવર-જવર કરે છે. આ પુલની ચોમાસામાં હાલત દયનીય હોય છે. મોટા વાહનો જ્યારે પુલ પરથી પસાર થાય ત્યારે લોકોને એમ થાય કે પુલ હમણાં જ તૂટી જશે. ચોમાસા દરમિયાન પુલ નીચેથી જ્યારે પાણી પસાર થતું હોય ત્યારે લોકોને આ પુલ ઉપરથી અવર-જવર બંધ કરવામાં આવે છે અને આ પુલની લોખંડની ગ્રીલ પણ જર્જરિત હાલતમાં છે. જામનગરથી કચ્છ જવા માટે જાંબુડા થઈને જોડિયાથી કંડલાને જોડતો સ્ટેટ્ હાઈવે આવેલો છે. આ રોડ હાલ માત્ર ૬ મીટર પહોળો છે. અહીં દરરોજ મોટી સંખ્યામાં ભારે વાહનો અને ગ્રામજનો પસાર થાય છે. ધ્રોલ પાસે સોયલ ટોલનાકુ હોવાથી ભારે વાહન જોડિયા-જાંબુડાના સ્ટેટ હાઈવેથી પસાર થાય છે. એક તો રોડ નાનો, ઉપરથી ભારે વાહનની અવરજવરને કારણે અવાર નવાર અહીં અકસ્માત સર્જાય છે. બીજી બાજુ આ રોડ પર આવેલા નાના-મોટા તમામ પૂલ હાલ જર્જરિત હાલતમાં છે.

## વીર નર્મદ યુનિવર્સિટીની માસ કોપી કેસ મામલે રેડ, ૩૦ વિદ્યાર્થીઓ ઝડપાયા

। (એજન્સી) પારડી, તા.૨૮ ।

પારડીની સરસ્વતી નર્સિંગ કોલેજમાં વીર નર્મદ યુનિવર્સિટીની ટીમે માસ કોપી કેસ મામલે રેડ પાડી હતી. ફલાઈંગ સ્કવોડની ટીમ તપાસ માટે કોલેજમાં ગઈ હતી. આ દરમિયાન સિનિયર વિદ્યાર્થીઓ જુનિયરોને કોપી કરાવતા હતાં. ફલાઈંગ સ્કવોડે ૩૦ જેટલા વિદ્યાર્થીઓને જવાબ લખાવતા પકડી પાડ્યા હતાં. પરીક્ષા રૂમમાં સીસીટીવીનું મોનિટરિંગ પણ નહોતુ થતું.વીર નર્મદ યુનિવર્સિટીની ફલાઈંગ સ્કવોડે પારડીની સરસ્વતી નર્સિંગ કોલેજમાં રેડ પાડી હતી. જેમાં સિનિયર વિદ્યાર્થીઓ જુનિયરોને કોપી કરાવતા હતાં. જુનિયર વિદ્યાર્થીઓને ક્લાસ રૂમમાં જ જવાબો લખાવતા હતાં. આવા ૩૦ વિદ્યાર્થીઓને ફલાઈંગ સ્કવોડે ઝડપી પાડ્યા હતાં. આ રેડ દરમિયાન પરીક્ષા રૂમમા સીસીટીવીથી મોનિટરિંગ પણ નહોતુ કરાતુ.

### ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં મંદીનો માહોલ

# સિમેન્ટ પરિવહનમાં ઘટાડો થતાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ભારે ફટકો પડ્યો

### લિગ્નાઈટની માઈન્સમાંથી ક્વોટા ઘટાડી નાખવામાં આવતાં પરિવહન ઓછું થઈ ગયું છે તો બીજી તરફ સિમેન્ટનું પરિવહન રેલવે મારફતે થઈ રહ્યું છે

। (એજન્સી) કચ્છ, તા.૨૮ ।

કચ્છનો સૌથી મોટો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ હાલના સમયમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. કચ્છમાં ખેતી પછીના બીજા નંબરે આવતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મુખ્યત્વે લિગ્નાઈટ અને સિમેન્ટ પરિવહન ઉપર આધાર રાખે છે. હાલમાં લિગ્નાઈટ અને સિમેન્ટ પરિવહનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ભારે ફટકો પડયો હોવાનું સામે આવ્યું છે. કચ્છ જિલ્લાનો સૌથી મોટો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મંદીના માહોલમાંથી પસાર થઈ રહ્યો છે. કારણ કે, લિગ્નાઈટની માઈન્સમાંથી ક્વોટા ઘટાડી નાખવામાં આવતાં પરિવહન ઓછું થઈ ગયું છે તો બીજી તરફ સિમેન્ટનું પરિવહન રેલવે મારફતે થઈ રહ્યું છે. જેના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને આર્થિક ફટકો પડયો છે. લિગ્નાઈટ ક્વોટામાં સારા એવા પ્રમાણમાં ઘટાડો થવાના કારણે ટ્રક માલિકો બેકાર બન્યા છે. અગાઉ જિલ્લામાં દરરોજની ૧૦૦૦ જેટલા લિગ્નાઈટના ક્વોટા ફાળવવામાં આવતા હતા, જેની સામે હાલના સમયે માત્ર ૧૦૦ જેટલી લિગ્નાઈટની ટ્રકો પરિવહન કરી રહી છે. જેના કારણે હજારો ટ્રકોના પૈડા થંભી ગયા છે. એક સમયે ધમધમતો અને લાખો લોકોને રોજગારી પુરી પાડતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ હાલે પડી ભાગ્યો છે. મંદીના કારણે હજારો ટ્રકો પાર્કિંગમાં મુકવાની ટ્રક માલિકોને ફરજ પડી છે. કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન દ્વારા જીએમડીસીને લિગ્નાઈટ ક્વોટા વધારવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. કારણ કે, કચ્છમાં લિગ્નાઈટ અને સિમેન્ટનું પરિવહન વધે તો કચ્છનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ફીવાર ધમધમતો થઈ શકે તેમ છે.

### મનપાના ફુડ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી

# મહાનગર પાલિકા ફુડ વિભાગ દ્વારા ખાદ્ય એકમો પર ચેકીંગ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ શહેરમાં મહાનગર પાલિકા ફુડ વિભાગ દ્વારા ખાદ્ય એકમો પર ચેકીંગ કરતા તવાઈ બોલાવી હતી. અનેક રેસ્ટોરન્ટ અને હોટલ તેમજ ધંધાકીય એકમ પર ફુડ વિભાગના નિયમનું પાલન જોવા મળ્યું ન હતું. જેના અનુસંધાને એએમસી ફુડ વિભાગે એકમ પણ સીલ કરવાની ફરજ પડી હતી. તે સાથે પાલડી ભઠ્ઠા ખાતેથી લેવામાં આવેલા આઈસ્ક્રીમના રિપોર્ટ ચોંકાવનાર સામે આવ્યા છે. પાલડી સ્થિત યસ્વી બેવરેજીસમાં સ્ટ્રોબરી આઈસ્ક્રીમનો સેમ્પલ લેવાયા હતા. જે પૃથ્થકરણમાં સબસ્ટાન્ડર્ડ આવ્યા હતા. એએમસી દ્વારા એકમના ફુડ બીઝનેસ લાઈસન્સ અને રજીસ્ટ્રેશન હાલ સસ્પેન્ડ કરવાની નોટિશ ઈશ્યુ કરવામાં આવેલ છે. એએમસી ફુડ વિભાગ દ્વારા શહેરના અલગ અલગ એકમમાં સઘન ચેકીંગ હાથ ધરાયું હતું.

ચેકીંગ દરમ્યાન એએમસી ટીમ દ્વારા દૂધ અને દૂધની બનાવટોના, ૧૧ નમૂના, બેકરી પ્રોડક્ટસના ૦૪ નમૂના, બેસન અને ગોળના ૩૬ નમૂના, કેરીના રસ, શેરડીનો રસ, મેંગો મિલ્ક શેક, મોસંબી જ્યુસ, ચીકુ મિલ્ક શેક સહિત ૧૯ નમૂના, ઠંડા પીણીના ૦૫ નમૂના લેવામાં આવ્યા હતા.આ ઉપરાંત બાપુનગર સ્થિત આવેલ બદામી મિલ કમ્પાઉન્ડમાં તૈયાર થનાર વેજીટેબલ ચટણીના કારખાના તપાસ હાથ ધરતા, અહીં અનહાઈજેનિક કન્ડીશન મળી આવતા એકમને જાહેર હિત માટે સીલ કરાયું હતું. આ સાથે સાઉથ બોપલ ખાતે શાશ્વત હોસ્પિટાલીટી (ટીએસએફ) રેસ્ટોરન્ટમાં ગ્રાહકને ડીશમાં જીવાત નીકળવાની ફરિયાદ તેમજ તપાસ દરમ્યાન અનહાઈજેનિક કન્ડીશન મળતા એકમ સીલ કરાયું હતું.

બહેરામપુરા વોર્ડમાં આવેલા ચાંદોલા તળાવ પાસે મિલન ઓઈલસ પ્રા. લી. ના રિફાઈન્ડ પામોલીન ઓઈલ અને રિફાઈન્ડ સોયાબીન તેલના નમૂના લઈ લેબ અર્થે પૃથ્થકરણ માટે મોકલાયા હતા. જ્યાં સુધી ઓઈલની તપાસ ન થાય ત્યાં સુધી બે લાખ ૬૫ હજારનું તેલનો જથ્થો સીઝ કરાયો હતો.એએમસી ફુડ વિભાગ દ્વારા લેવાયેલા નમૂના પરિણામ પણ ચોંકાવનાર આવ્યા છે. નરોડા સ્થિત બાબાદીપ સિંહ રેસ્ટોરન્ટના મલાઈ પનીર અનસેફ સાબિત થયું હતું.

### સેક્ટર સ્પેસિફિક ભરતી મેળાનું કરાયું આયોજન, ૮૦થી પણ વધુ અગ્રગણ્ય કંપનીઓ દ્વારા રોજગારીની તક પ્રદાન કરાઈ

# મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા 'પાંચ દિવસીય રોજગાર મેળા'નું ભવ્ય આયોજન કરાયું







। અમદાવાદ ।

અમદાવાદ ખાતે મદદનીશ નિયામક રોજગારની કચેરી, અમદાવાદ દ્વારા મોટા પાયે ભરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. રોજગાર કચેરી અમદાવાદ ખાતે તા.૨૧ એપ્રિલથી તા.૨૫ એપ્રિલ સુધી સેક્ટર સ્પેસિફિક ભરતી મેળાનું કરાયું આયોજન કરાયું હતું જેનો લાભ જિલ્લાના મહતમ યુવાનોએ લીધો હતો.

આ ભરતી મેળામાં ૮૩ જેટલી વિવિધ અગ્રગણ્ય કંપનીઓ દ્વારા રોજગારવાંચ્છુ યુવાનો માટે રોજગારીની તક પ્રદાન કરવામાં આવી હતી. પાંચ દિવસીય યોજાયેલ રોજગાર મેળામાં ૨૪૦૦થી વધુ ઉમેદવારોએ ભાગ લીધો હતો જે પૈકી ૨૦૦૦થી પણ વધુ યુવાનોની વિવિધ કંપનીઓ દ્વારા પ્રાથમિક ધોરણે પસંદગી કરવામાં આવી હતી.

તા.૨૧ એપ્રિલના રોજ યોજાયેલ મેન્યુફેકચરિંગ તેમજ ઓટોમોબાઈલ સેકટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ટાટા મોટર્સ, સુઝુકી મોટર્સ, યઝાકી ઈન્ડિયા, લુબી ઈન્ડસ્ટ્રીઝ જેવી વિવિધ ૧૭ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૨ એપ્રિલના રોજ ફાર્માસ્યુટિકલ તેમજ હેલ્થકેર સેકટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ઝાયડસ લાઈફ સાયન્સ, યુંનીસન ફાર્માસ્યુટિકલ, ઈન્ટાસ ફાર્માસ્યુટિકલ, બ્લુસપ્રિન્ટ ફાર્માસ્યુટિકલ, એપોલો ફાર્મસી જેવી વિવિધ ૯ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૩ એપ્રિલના રોજ બેક્કિંગ, ફાયનાન્સ તેમજ એકાઉન્ટિંગ સેક્ટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં એક્સિસ બેંક, એચડીએફસી ફાયનાન્સલ સર્વિસ, ઈક્વિટાસ બેંક, એયુ સ્મોલ ફાયનાન્સ બેંક, ઈન્ડ્સઈન્ડ બેંક, સત્ય માઈક્રોકેપિટલ બેંક જેવા ૧૮ જેટલા બેક્કિંગ અને ફાયનાન્સ સેક્ટરના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૪ એપ્રિલે માર્કેટિંગ, સેલ્સ ર સર્વિસ, જેમ્સ & જ્વેલરી સેક્ટર અને સિક્યુરિટી સર્વિસ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં નંદી પંચવટી પ્રા.લિ., પીવીઆર, કટારીયા ગ્રુપ ઓફ કંપની, નેપ્ચુન હાઉસ, યશ ફિલ્ટર પ્રા.લી. જેવા ૨૪ જેટલા વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૫ એપ્રિલના રોજ આઈ.ટી. તેમજ ટેક્ષટાઈલ, હોટેલ & રેસ્ટોરન્ટ સેક્ટર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ઈશાન ટેકનોલોજી, અરવિંદ સ્માર્ટ ટેક્ષટાઈલ, જ્યાત્માં ટેકનોલોજી, ઓરબીટેક ઈન્ફોવેબ, દિવ્યા ઈન્ફોકેમ, માસ કોલનેટ જેવા વિવિધ ૧૫ જેટલા એકમોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## તંત્રી લેખ...

# ભારત-પાક તણાવ વચ્ચે બેઠક યોજાઈ

ભારતના અફઘાનિસ્તાન બાબતોના વડા આનંદ પ્રકાશ તાલિબાનના કાર્યવાહક વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકીને મળ્યા હતા અને રાજકીય અને વેપાર મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. અફઘાનિસ્તાન મીડિયાએ રવિવારે આ બેઠક વિશે માહિતી આપી હતી. અફઘાનિસ્તાનની ન્યૂઝ અનુસાર, કાબુલમાં આયોજિત આ બેઠકમાં કાર્યકારી વિદેશ મંત્રીએ ભારત સાથે રાજકીય અને આર્થિક સંબંધોને વિસ્તારવા પર ભાર મૂક્યો હતો. મુત્તાકીએ બંને દેશો વચ્ચે રાજદ્વારી અને આર્થિક સંબંધો વધારવા પર ભાર મૂક્યો અને કહ્યું કે ભારતીય રોકાણકારોએ અફઘાનિસ્તાનમાં રોકાણની તકોનો લાભ લેવો જોઈએ. મીડિયાએ અફઘાન પ્રવક્તાના હવાલાથી આ માહિતી આપી હતી. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે પહલગામ આતંકવાદી હુમલાને લઈને ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. જોકે, એ સ્પષ્ટ નથી કે પ્રકાશ-મુત્તકી મંત્રણામાં આ મુદ્દા પર ચર્ચા થઈ કે નહીં. મહત્વનું છે કે ભારતે હજુ સુધી અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારને માન્યતા આપી નથી અને કાબુલમાં સાચી રીતે સમાવેશી સરકારની રચનાની માંગ કરી રહ્યું છે. અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધ આતંકવાદી ગતિવિધિઓ માટે ન થવો જોઈએ તેના પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. અફઘાનિસ્તાનમાં વધી રહેલા માનવતાવાદી સંકટને ધ્યાનમાં રાખીને, ભારત ત્યાં કોઈપણ અવરોધ વિના માનવતાવાદી સહાય પૂરી પાડવાની વાત કરી રહ્યું છે. જૂન ૨૦૨૨ માં, ભારતે કાબુલમાં તેના દૂતાવાસમાં 'તકનીકી ટીમ' મોકલીને તેની રાજદ્વારી હાજરી પુનઃસ્થાપિત કરી. ઓગસ્ટ ૨૦૨૧ માં, તાલિબાન સત્તામાં આવ્યા પછી, ભારતે સુરક્ષા ચિંતાઓને કારણે તેના દૂતાવાસ અધિકારીઓને પાછા ખેંચી લીધા હતા.

## આજે તમે જે વિચારો વાવી રહ્યા છો, તે આવનારા ૫૦ વર્ષો માટે સમાજને નવી શક્તિ અને દિશા આપશે : રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા







ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) દ્વારા તાજેતરમાં તેના ચાંદખેડા કેમ્પસ ખાતે 'નેશનલ ઈનોવેશન પિચ ફેસ્ટ આઈડિયાથોન ૨૦૨૫: અવધારણા'ની ત્રીજી આવૃત્તિનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતુ. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણને અનુકૂળ અને સૌને સાથે રાખીને ચાલનારા સમાજના નિર્માણ માટે યુવા ઈનોવેટર્સના નવા વિચારોને પ્રોત્સાહન આપવાનો હતો. ભારતમાં નવીનતા અને ઉદ્યોગસાહસિકતાને વેગ આપવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ કદમ સાબિત થયું છે.

આ રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમમાં દેશભરમાંથી ૮૦થી વધુ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં કુલ ૧૯૨ યુવા ઈનોવેટર્સ (૧૨૫ પુરુષો અને ૬૭ મહિલાઓ) સામેલ થયા હતા. આ યુવાનોએ ચાર મુખ્ય વિષયો - ફિનટેક (ડિજિટલ નાણાકીય સેવાઓ), એગ્રીટેક (ખેતીવાડીમાં ટેકનોલોજી), આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ (AI-ML), તથા ટકાઉપણું (પર્યાવરણલક્ષી વિકાસ) - હેઠળ સમાજની વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ માટે પોતાના પરિવર્તનશીલ વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત સરકારના રાજ્યકક્ષાના મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ યુવાનોને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું કે, "આજે તમે જે વિચારો વાવી રહ્યા છો, તે આવનારા ૫૦ વર્ષો માટે સમાજને નવી શક્તિ અને દિશા આપશે. ટકાઉ અને જવાબદારીપૂર્વક નવા વિચારો લાવો." આ પ્રસંગે સ્ટાર્ટઅપ શરૂ કરનારા યુવાનો અને વિદ્યાર્થીઓને મંત્રીશ્રી સાથે સીધો સંવાદ કરવાની અને માર્ગદર્શન મેળવવાની તક મળી હતી.

જીટીયુના કુલપતિ ડૉ. રાજુલ કે. ગજ્જરે યુનિવર્સિટીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં કહ્યું કે, જીટીયુ વિદ્યાર્થીઓના નવા વિચારોને પ્રોત્સાહન આપવા અને તેમને સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી તમામ સહયોગ અને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે હંમેશા તત્પર છે. આ કાર્યક્રમમાં જીટીયુ અને શિક્ષણ તથા ઉદ્યોગ જગતના અનેક અગ્રણીઓ જેવા કે ડૉ. પંકજરાય પટેલ, ડૉ. વૈભવ ભટ્ટ, ડૉ. મિહિર શાહ, ડૉ. કેયુર દરજી, ડૉ. ચિરાગ વિભાકર, અને ડૉ. તુષાર પંચાલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

જીટીયુ વેન્ચર્સ (જેમાં AIC GISC ફાઉન્ડેશન, GISC-GTU અને ડિઝાઈન ઈનોવેશન સેન્ટર સામેલ છે) અને જીટીયુ સ્કૂલ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ કાર્યક્રમને સ્ટાર્ટઅપ ઈન્ડિયા, અટલ ઈનોવેશન મિશન (AIM), DST-નિધિ, SSIP જેવી સરકારી સંસ્થાઓ અને ઈનોવેશન ઈકોસિસ્ટમના અન્ય ભાગીદારો તરફથી પણ સહયોગ મળ્યો હતો.

આગામી સમયમાં, જીટીયુ વેન્ચર્સ આ આઈડિયાથોનમાં પસંદગી પામેલી ટીમોને તેમના વિચારોને વિકસાવીને એક સફળ સ્ટાર્ટઅપમાં રૂપાંતરિત કરવા માટે જરૂરી માર્ગદર્શન અને સહાય (ઈન્ક્યુબેશન સપોર્ટ) પૂરી પાડશે. આ પહેલ ટેકનોલોજી આધારિત, સામાજિક રીતે સમાવેશી અને પર્યાવરણીય રીતે જવાબદાર ભવિષ્યના નિર્માણમાં જીટીયુની મહત્વની ભૂમિકાને વધુ મજબૂત બનાવે છે. 'આઈડિયાથોન-૨૦૨૫' ની આ ભવ્ય સફળતા ગુજરાતને ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં એક અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરે છે.

**ધર્મ કે અન્ય પદ માટે માનવીના અંદરોઅંદરના વ્યવહારો આજે અતિ હિંસક બનતા જાય છે**

# ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા છે, કે આતતાઈને દંડિત કરવાં એ હિંસા નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**શક્તિના અવતારો તરફ દ્રષ્ટિ કરીએ તો આપણે ત્યાં તો મહાકાળીને પણ શક્તિ તરીકે પૂજવામાં આવે છે, અને તેનું વિકરાળ સ્વરૂપ અથવા તેનું કાર્ય જોઈએ, તો આપણને એમ થાય કે આમાં અહિંસા કેમ શોધવી! પરંતુ અન્યના હિત માટે આપણે ત્યાં શસ્ત્ર ઉઠાવવામાં આવે, તો એને દોષ કહેવામાં આવતો નથી, શક્તિના બધા જ સ્વરૂપો રાક્ષસી વૃત્તિને મારવા માટે અસ્તિત્વમાં આવ્યા, માનવ જાતનું અસ્તિત્વ જ્યારે જ્યારે જોખમમાં મુકાયું.**



આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. કાશ્મીર ઘટનાં આપણને વિચારવા પ્રેરે કે આપણી સંસ્કૃતિનો યા દેવી સર્વ ભૂતેષુ અહિંસા રુપેણ સંસ્થિતા! છે એને અનુસરવું કે નહીં! કારણકે કહેવાતા પ્રમાદી હિન્દુઓએ અહિંસાવાદીનું બહાનું આગળ ધર્યું! જોકે આમ તો આપણે કહેવાનાં જ સનાતની કે હિન્દુ છીએ, કારણકે અહિંસા શબ્દ કે તેનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે. પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે, કે અહિંસા એ આખરે કઈ રીતે સિદ્ધ થાય, અને એની માટે આપણે ત્યાં ઘણા બધા ધર્મોએ જુદા જુદા અર્થ કરેલાં છે, વિદ્વાનોએ પણ એને વિષે ટીકા ટિપ્પણી કરેલી છે. પણ સાવ સામાન્ય એટલે કે સરળ ભાષામાં કહીએ તો જે હિંસક નથી તે ભાવ એટલે અહિંસા. હિંસા એટલે પ્રતાડિત કરવું, કોઈને હેરાન કરવું, કે પરેશાન કરવું. અહિંસાનો અર્થ હત્યા કે મારી નાખવા પુરતો સિમિત ન રહે, તો જ અહિંસાના ભાવ સુધી પહોંચાય. કારણકે મારવા કરતાં પણ કોઈના દિલને દુઃખી કરવું એ મૂળ હિંસા છે. પૃથ્વી પર ૮૪ લાખ યોની અસ્તિત્વ ધરાવે છે, અને એ દરેકનું આયુષ્ય નક્કી જ હોય છે. એટલે હવામાં રહેલા જંતુઓ તો આપણા શ્વાસો શ્વાસની ક્રિયાથી પણ મારતા હોય છે, તો શું આપણે શ્વાસ લેવા બંધ કરી દેવા! વગર કારણે કોઈને પણ હેરાન ન કરવા, પરેશાન ન કરવા, કે ન મારવા એ અહિંસાનો મૂળ ભાવ છે. અહિંસાની વાત આવે એટલે સૌને ગાંધીજી યાદ આવે કારણ કે એમનાં અગિયાર મહાવ્રત માં અહિંસાને મહત્વનું માનવામાં આવે છે. એમનાં અહિંસાવાદી સ્વભાવ વિષે કાયમ ટિપ્પણી થાય છે, કે શહીદ ભગતસિંહ વગેરેની ફાંસી માટે તે જવાબદાર છે. મોટા ભાગના ગાંધીજીને અહિંસાના દુરાગ્રહી કહે છે. ગાંધીજી અહિંસાના પૂજારી હતા કે દુરાગ્રહી હતાં એ વાત પર આપણે અત્યારે વિવાદ કરવો નથી, કારણ કે ચિંતન હંમેશા સંવાદની દિશામાં આગળ વધે છે. પરંતુ અસહકારની એ અહિંસક લડાઈ ના પરિણામ જોઈ અંહિસાની તાકાતનો અંદાજ તો આપણે સૌ લગાડી શકીએ, અને તેથી જ એ ભાવને અંતરમાં પ્રસ્થાપિત કરીશું તો એવી શક્તિ આપણને પણ નિઃશંક પ્રાપ્ત થાય એમાં કોઈ બેમત નથી, જોકે અંગ્રેજો સામે અહિંસા ચાલે આતંકીઓ સામે નહીં. પણ ગીતામાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા છે કે આતતાઈને દંડિત કરવાં એ હિંસા નથી, અને એટલે જ ભારતીય સંવિધાન તેમજ કાયદામાં આત્મરક્ષા કે સ્વ બચાવની છૂટ છે, અને એટલે જ આતંકવાદી ઓને ખત્મ કરવા હવે હથિયાર ઉઠાવવાનો સમય આવી ગયો છે. હજી વધુ સુક્ષ્મ જઈએ તો, આપણે બધા જ ઉપદ્રવ વધારનારા જીવના અસ્તિત્વને ખતમ કરતા હોઈએ છીએ. દાખલા તરીકે મચ્છરનો પ્રકોપ હોય તો એનાથી બચવા બધા જ ઘરમાં જુદી જુદી રીતે, ઓલ આઉટ, કાલા હીટ, કે મચ્છરના રેકેટ, કે તેની અગરબત્તી કરવામાં આવે, અને થવું જ જોઈએ. એજ રીતે વાંદા ધનેડા કે ઈયળનો જીવ કોઈ બચાવતું નથી,કે કોઈ તેને પાળતુ હોય એવું જોવા મળતું નથી, અને આ બધા જ જીવ પાછાં રાક્ષસી છે, એટલે કે ખૂબ માત્રામાં એનો ઉપદ્રવ થાય છે. તો જેમ આવા જીવને મારવા એ હિંસા નથી,એ જ રીતે આતંકને ખત્મ કરવો એ હિંસા નથી, પણ કંઈ રીતે મારીએ છીએ એ ભાવ આપણા સ્વભાવમાં રહેલી હિંસકતા દેખાડે છે. ક્યાંય પોતાની શક્તિ બતાડી શકતા ન્હોય એ રીતે નાનાજીવ ને ક્રૂરતાથી મારી અને વિકૃત આનંદ લેતા હોય તો,એ હિંસાનો ભાવ છે, એટલે આતંકવાદને ખતમ કરવાનો છે, પણ એમા નિર્દોષ કોઈ મરાય નહિ એ પણ જોવું રહ્યું. ખાસ તો અંદરનાં ભાવમાં ફેરફાર ન થવો જોઈએ, નહીં તો આપણાં અને એનામાં ફેર શું? શક્તિના અવતારો તરફ દ્રષ્ટિ કરીએ તો આપણે ત્યાં તો મહાકાળીને પણ શક્તિ તરીકે પૂજવામાં આવે છે, અને તેનું વિકરાળ સ્વરૂપ અથવા તેનું કાર્ય જોઈએ, તો આપણને એમ થાય કે આમાં અહિંસા કેમ શોધવી! પરંતુ અન્યના હિત માટે આપણે ત્યાં શસ્ત્ર ઉઠાવવામાં આવે, તો એને દોષ કહેવામાં આવતો નથી. શક્તિના બધા જ સ્વરૂપો રાક્ષસી વૃત્તિને મારવા માટે અસ્તિત્વમાં આવ્યા, માનવ જાતનું અસ્તિત્વ જ્યારે જ્યારે જોખમમાં મુકાયું, ત્યારે શક્તિએ દુર્ગાના કોઈ ને કોઈ સ્વરૂપે આવીને આપણને મદદ કરી. એવા તો ઈતિહાસમાં પુષ્કળ દાખલાઓ મળે છે, જેમાં શક્તિના સ્વરૂપ દ્વારા તેનો વધ કરવામાં આવે છે, અને મા દુર્ગા આ રીતે તેને મોક્ષ આપે છે. ખુદ રામ અને કૃષ્ણ પણ યુદ્ધ પહેલાં શક્તિ ઉપાસના કરતા હતા. એટલે એ પરથી સાબિત થાય કે આ ક્રિયામાં થતી હિંસા એ હત્યા નથી, પણ મુક્તિ કે મોક્ષ આપે છે. ઘરમાં જેમ વાંદા, મચ્છર, માંકડ, કે પછી અન્ય કોઈ જીવ મારવામાં આવે, તેમ આ દેશના આતંકવાદને ખતમ કરવો, પણ બુદ્ધિમાં આક્રમકતા ન આવે એનું ધ્યાન રાખવું બહુ જરૂરી છે, અને એજ અહિંસા છે, જે અન્ય જીવ સાથે પણ આપણને સૌમ્ય બનાવે, અને આ ભાવથી વ્યવહારમાં સૌમ્યતા કાયમ ટકી રહેવી જોઈએ. ટૂંકમાં કહીએ તો આપણે સંસારી છીએ, એટલે ક્રૂર ન થવું એટલું પણ પર્યાપ્ત છે, પણ આવાં નિર્દય ને છોડી દેવા એ પાપ છે. હિંસા અને અહિંસા બંનેના સુક્ષ્મ અર્થને જાણીને એ ભાવ અંતરમાં પ્રસ્થાપિત કરવાનો છે, આતંક એટલે શું? ધર્મ કે અન્ય પદ માટે માનવીના અંદરોઅંદરના વ્યવહારો આજે અતિ હિંસક બનતા જાય છે. ઘરેલુ હિંસાના કિસ્સાઓ વધતા જાય છે, અને એની માટેના કારણો પણ ઘણાં છે. કારણ કે મનુષ્યના અંતરમાં બાહ્ય પ્રકૃતિ અને આંતરિક પ્રકૃતિના અસંતુલનને કારણે ખુબ જ અસુરક્ષિતતાનો ભાવ એટલે કે ભય ઘુસી ગયો છે, અને એવામાં એ પોતાના પ્રાંત, પદ, પ્રતિષ્ઠા કે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે અન્ય પર હાવી થવું જોઈએ, તો જ તે બચી શકે, અથવા તેનું પ્રાધાન્ય રહે, તેનો અહમ જળવાય, આવી બધી ગેરમાન્યતાઓ ઘૂસી ગઈ છે, અને એટલે અંદરોઅંદરનાં સંબંધોમાં પ્રેમ ઘટયો છે, અને વૈમનસ્ય વધ્યું છે! અને એટલે જ આતંકી વિકૃતિઓ પ્રવેશી ચૂકી છે. ત્યારે અહિંસા જેવા દૈવીય ગુણનો સૂક્ષ્મ અર્થ સમજી, અને આવાં લોકોને કોઈ પણ રીતે પોષણ કે પ્રોત્સાહન ન મળે એ જોવું રહ્યું. પ્રકૃતિમાં વસતાં અન્ય જીવો પ્રત્યે હૃદયમાં પ્રેમ અને લાગણી રાખી, તેના અસ્તિત્વનો સ્વીકાર કરી, તેનું જીવન આપણાથી પ્રતાડિત ન થાય, એવાં પ્રયત્નો તો કરવાનાં જ છે. એટલે કે માંસાહાર ને કારણે પક્ષી પ્રાણીઓની પ્રજાતિઓ હવે ધીરે ધીરે લુપ્ત થતી જાય છે, અથવા તો ખાસ કરીને ગાડી લઈને જતા હોઈએ, ત્યારે રસ્તા પર ગાય, કૂતરા, કે બિલાડી, કચરાય નહીં એ જોવું. ક્યારેય એટલા ક્રૂર ન બનવું, કે જેનાથી આપણી મનોસ્થિતિ સુધારતા વર્ષો નીકળી જાય. આપણી આસપાસનું જીવન ધબકતું રહે, એ માટે ક્યારેક-ક્યારેક થોડું ત્યાગવું, થોડું સહન કરવું, થોડીક દયા રાખવી, સંવેદનાથી સક્રિય થઈ અન્યને મદદ કરવી, અને સૌમ્ય સ્વભાવ રાખવો પણ એનો અર્થ એ નથી,કે કોઈ આપણાં ગુણોને કાયરતામાં ખપાવે ! બરોબર છે કે આપસી વ્યવહાર નિભાવવા, અન્ય ને પણ માન સન્માન આપવું, આ બધું જ અંતર ને શુદ્ધ, નિર્મળ અને સરળ કરનારું છે, પણ આ રીતે વારંવાર પીઠમાં ખંજર ભોંકાય નહીં, એ પણ જોવું રહ્યું! અને આશા છે કે સરકાર અહિંસાનો આવો અર્થ કરી જેમ પાંડવોએ કૌરવોનો ખાત્મો કર્યો, એમ આતંકનો ખાત્મો કરી શકે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આજે કહેવાતા કેટલાક સુધારેલા પરિવારમાં માતા-પિતા વૃદ્ધાશ્રમમાં કે અનાથાશ્રમમાં પોતાની બાકીની જિંદગી જીવી રહ્યા છે**

# અનુભવ કહે છે કે શબ્દોનું એક તાપમાન હોય છે, તે આરામ આપે છે અને બાળે પણ છે...



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભારતીય સંસ્કૃતિમાં તો સુસંસ્કરો નું સિંચન નાનપણથી જ થાય છે કેટલાક સંપ્રદાયમાં મૂર્તિ આકાર કે અગ્નિ વાયુ જળ તરીકે પણ પૂજાય છે, આજે કહેવાતા કેટલાક સુધારેલા પરિવારમાં માતા પિતા વૃદ્ધાશ્રમમાં કે અનાથાશ્રમમાં પોતાની બાકીની જિંદગી જીવી રહ્યા છે.**



પહેલગામમાં પર્યટકો પર આતંકવાદી હુમલો થયા બાદ આખો દેશ તો સ્તબ્ધ બની ગયો છે સાથો સાથ બીજા દેશો પણ હમદર્દી બતાવી આ કૃત્યને વખોડી રહયા છે ત્યારે દેશમાં રાજકીય કાવાદાવા ચૂંટણી લક્ષી બની જાય તેનાથી મોટું દુઃખ શું હોઈ શકે.. સમજાય તેવી બાબત ઘણી વાર સમજતાં વાર લાગે છે, ભારતીય સંસ્કૃતિમાં તો સુસંસ્કરોનું સિંચન નાનપણથી જ થાય છે કેટલાક સંપ્રદાયમાં મૂર્તિ આકાર કે અગ્નિ વાયુ જળ તરીકે પણ પૂજાય છે. આજે કહેવાતા કેટલાક સુધારેલા પરિવારમાં માતા પિતા વૃદ્ધાશ્રમમાં કે અનાથાશ્રમ માં પોતાની બાકીની જિંદગી જીવી રહ્યા છે.શું પુત્ર પ્રાપ્તિ અને તેનું પોષણ સંસ્કારમાં કંઈ ખામી રહી ગઈ હશે કે શિક્ષણનો અતિરેક શું સમજી શું.. વૃદ્ધાશ્રમો અનાથશ્રમોની મુલાકાત લેશો તો ખ્યાલ આવશે કે આ સંતાનો.. કે જેમના માટે આ ડોશી કે ડોસાએ આખી જિંદગી રાતદિવસ જોયા વગર વેડફી નાખીને આજે અંતિમ દિવસો પરિવાર સાથે આનંદ કિલ્લોલમાં પસાર કરવાને બદલે કોઈના દાન પૂણ્યના આધારે એકલવાયી જિંદગી જીવવાની?? આ વૃદ્ધ મા બાપની આંતેડી હદય નો કકળાટ એ સુખી સંપન્ન થઈ ગયેલા પુત્ર-પરિવારને ક્યારે સાચી સુખ શાંતિ આપતાં નથી. આપણે આજે લેખની શરૂઆતમાં કેટલીક વ્યથા કથા રજુ કરી. આપણા મા-બાપથી વારસામાં જેવી રીતે પોતાનો ચહેરો મહોરો અને બોલી-ભાષા મેળવીએ છીએ, તેવી જ રીતે વારસામાં ડી.એન. મળે છે. અંધ વિશ્વાસ અને અંધ માન્યતાઓ પણ મેળવીએ છીએ. અંધભક્તિ નો ભાવાવેશ મેળવીએ છીએ. સાંપ્રદાયિકતાનું આતંકભર્યું પ્રલોભન પણ મેળવીએ છીએ જે આપણી અંધમાન્યતાઓની જકડ ને મજબૂત બનાવે છે. પરંતુ સાથે સાથે માનવીય બૌદ્ધિક સંપદાના બી પણ પામીએ છીએ. આપણે આપણા મા-બાપથી પ્રાપ્ત ચહેરો- મહોરો નથી બદલી શકતાં, પરંતુ આ માન્યતાઓને પોતાની બુદ્ધિના પ્રયોગથી અને પોતાની અનુભૂતિ ઓનાં બળ પર અવશ્ય બદલી શકીએ છીએ. જેટલી કામની હોય તેટલી રાખી શકીએ છીએ,જે નકામી હોય તેને ઉખાડીને ફેંકી શકીએ છીએ. બુદ્ધિનો બિલ્કુલ ઉપયોગ ન કરી એ સ્વાનુભૂતિઓનો જરાપણ અભ્યાસ ન કરીએ તો વિના સમજે એ અંધ માન્યતા ઓને પોતાના ચહેરા-મહોરાની જેમ એવી જ બનાવી રાખવાના દરેક સંભવિત પ્રયત્ન કરીએ છીએ જ્યાં સંપ્રદાયનું પોષણ થાય છે ત્યાં સાંપ્રદાયિક નેતા સત્યને સમીપ નથી આવવા દેતા.જે આપણે સૌએ જોયું અને હજુ જોવાનું છે.કળિયુગમાં સત્યની કદર ના થાય જુઠાણું જ વધુ ચાલે સચ્ચાઈ ને તર્કની કસોટી પર પણ કસવા નથી દેતા. અનુભૂતિઓ પર ઉતારવું તો બહુ દૂરની વાત છે.કહે છે ધર્મમાં અક્કલની દખલ નથી હોતી. કેવો ધર્મ છે આ જેમાં અક્કલને સ્થાન ન હોય?વિના અક્કલ,વિના બોધિ નો ધર્મ, ધર્મ કેવી રીતે થયો?હા, એ ઠીક કે સંપ્રદાયમાં અક્કલની દખલ નથી હોતી, કેમ કે અકકલ આવતાં જ સંપ્રદાયના ટુકડા ટુકડા થઈ જાય છે.ત્યાં તો અંધ વિશ્વાસ જ પોષાય છે, અનૃતની ધરાતલ પર અધર્મ જ પોષાય છે. ધર્મ ન પોષાઈ શકે. જ્યારે વ્યક્તિ પોતાના દિમાગને કેદ કરી લે છે તો સચ્ચાઈનું અનુસંધાન આપોઆપ બંધ થઈ જાય છે. ધર્મના જાણે પગ કપાઈ જાય છે. તેની આંખો ફૂટી જાય છે અને તે લંગડો અને અંધ બની સંપ્રદાય બની જાય છે. માણસે ત્યારે ત્યારે સત્યની શોધ કરવી મૂકી દીધી જ્યારે જ્યારે બાબા વચન પ્રમાણવાળું ગુરુડ તેની સામે દિવાલ બની ને ઊભું રહી ગયું. હવે કેન્દ્રમાં સરકારની રચના થવાની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે કોઈપણ સંકુચિત બુદ્ધિ વાળા સાંપ્રદાયિક નેતાને એ જ ભય રહે છે કે મારા વાડાનું એક પણ ઘેટું વાડો તોડીને કોઈ બીજા ના ભાડામાં ન જાય મારા સઘળા અનુભવનો ઘેટા બકરા અને ગાય ભેંસ જેવો અંધાનુકરણવાળો સ્વભાવ બની રહે એટલે જ તે તેમના પર પોતાની સાંપ્રદાયિક માન્યતાઓનો ઘેરો નશો ચડાવેલો રાખે છે અનેક અને અસંગત વાતોને માનવા માટે મજબૂર કરતો રહે છે ન માનો તો નારકીય પીડાઓનો આતંક અને માને તો મુક્તિમોક્ષનું પ્રલોભન દેતો રહે છે શું દશા થઈ ગઈ છેઆપણી મનન ચિંતનનો સ્વભાવ શું કોઈ બેઠા છે જાણે અંધ સંપ્રદાયના ભૂતને શિર પર સવાર કરી લીધો. આપણા આપણા ધર્મ ગ્રંથોને વિના વિચાર્યે સમજે સત્ય માનીએ અને બીજા ધર્મગ્રંથોને વિના વાંચ્યે અસત્ય જ માનીએ આવો ભાવાવેશઆપણી અંદર ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યો છે આપણને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી આપણા માટે સંપ્રદાય જ પ્રમુખ છે ખરાબમાં ખરાબ અધાર્મિક દુરાચારી વ્યક્તિ પણ જો આપણા સંપ્રદાયમાં છે તો ભલો અન્યથા સારામાં સારો ધાર્મિક સદાધારી માણસ પરાયા સંપ્રદાયમાં છે તો આપણને દીઠો ગમતો નથી. રાજકારણીઓ જ્યારે ધર્મ સંપ્રદાયના નામે અંધાધૂંધી ફેલાવીને પોતાની ખીચડી પકવવા માં સફળ થાય ત્યારે જે તે વિસ્તાર રાજ્ય રાષ્ટ્રમાં તાનાશાહી વધે છે જેને બીજા શબ્દોમાં કહીએ તો હિટલરશાહી.. વાચકચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત..લેખમાં કડવી છતાં સાચી વાત કરી છે.જો સમજાય તો ધન્યવાદ બાકી જય જગન્નાથજી અસ્તુ.

### ઐશ્વર્યા રાય 'ચલતે ચલતે' દરમિયાન સલમાન ખાનને ડેટ કરી રહી હતી

## શાહરૂખની ફિલ્મ ચલતે ચલતે પહેલા ઐશ્વર્યા રાયને ઓફર થઈ હતી



શાહરૂખ ખાનની હિટ ફિલ્મ ચલતે ચલતેમાં રાની મુખર્જી પહેલા ઐશ્વર્યા રાય બચ્ચનને કાસ્ટ કરવામાં આવી હતી. જોકે, પાછળથી તેણીને ફિલ્મમાંથી દૂર કરવામાં આવી હતી અને રાની મુખર્જીને કાસ્ટ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૩માં શાહરૂખ ખાન અને રાની મુખર્જીની બોક્સ ઓફિસ પર હિટ ફિલ્મ ચલતે ચલતે રીલિઝ થઈ હતી. હવે ફિલ્મના દિગ્દર્શકે ઐશ્વર્યાને દૂર કરીને રાની મુખર્જીને કાસ્ટ કરવાની વાત કરી.એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં, ફિલ્મના દિગ્દર્શક અઝીઝ મિર્ઝાને જ્યારે પૂછવામાં આવ્યું કે ઐશ્વર્યા રાયને ફિલ્મમાંથી કેમ દૂર કરવામાં આવી, ત્યારે તેમણે કહ્યું, "મને ખબર નથી. અમે ફક્ત એક દિવસ માટે શૂટિંગ કર્યું. કમનસીબે, બધું અમારી ઈચ્છા મુજબ ન થયું અને પછી રાની ફિલ્મનો ભાગ બની ગઈ. આ પહેલી વાર હતું જ્યારે અઝીઝ મિર્ઝાએ શાહરુખ ખાનની સામે જુહી ચાવલાને કાસ્ટ ન કરી. આ પહેલા, જુહી ચાવલા અને શાહરૂખ ખાન તેની પહેલી ત્રણ ફિલ્મોમાં જોવા મળ્યા હતા. જ્યારે અઝીઝને પૂછવામાં આવ્યું કે તેમણે ફિલ્મમાં જુહી ચાવલાને કેમ ના લીધી? તેમણે કહ્યું, "મને લાગ્યું કે લોકો કંઈક અલગ જોવા માંગે છે. જુહી બીજા કોઈની જેમ સારી હોત. એવું નથી કે રાની ખરાબ હતી, રાની પહેલા જેટલી જ સારી હતી. ઘણા જૂના સમાચાર અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે.

# ફવાદ ખાનની 'અબીર ગુલાલ'ના ગીતો યુટ્યુબ પરથી હટાવી દેવાયા

**ફવાદ ખાન અને વાણી કપૂર અભિનીત ફિલ્મ 'અબીર ગુલાલ' ૯ મેના રોજ રિલીઝ થવાની હતી**





પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાન અને વાણી કપૂર અભિનીત ફિલ્મ 'અબીર ગુલાલ' ૯ મેના રોજ રિલીઝ થવાની હતી. પરંતુ ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની આગામી ફિલ્મનો બહિષ્કાર કરવાની માંગ વધી ગઈ હતી, ત્યારબાદ સરકારે પણ નિર્ણય લીધો હતો અને ભારતમાં ફિલ્મની રિલીઝ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ બધા વચ્ચે, હવે નિર્માતાઓએ તેમની યુટ્યુબ ઈન્ડિયા ચેનલ પરથી ફિલ્મના ગીતો પણ દૂર કરી દીધા છે.'અબીર ગુલાલ' ના નિર્માતાઓએ ફિલ્મના બે ગીતો, ખુદાયા ઈશ્ક નામનો રોમેન્ટિક ટ્રેક અને અંગ્રેજી રંગરસિયા નામનો એક પેપી ડાન્સ નંબર રિલીઝ કર્યા હતા. જોકે, બંને ગીતો યુટ્યુબ પરથી દૂર કરવામાં આવ્યા છે.



આ હવે પ્રોડક્શન હાઉસ, અ રિચર લેન્સ એન્ટરટેઈનમેન્ટની સત્તાવાર યુટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ નથી. ફિલ્મના સત્તાવાર સંગીત અધિકારો હોવા છતાં, ગીતો સારેગામાના યુટ્યુબ હેન્ડલ પરથી પણ દૂર કરવામાં આવ્યા છે. આ ગીતને દૂર કરવાનો નિર્ણય સોશિયલ મીડિયા પર તીવ્ર પ્રતિક્રિયા બાદ લેવામાં આવ્યો છે, જેમાં ઘણા વપરાશકર્તાઓએ પહેલગામ આતંકવાદી હુમલાને પગલે ભારતીય અને પાકિસ્તાની કલાકારો વચ્ચેના સહયોગની ટીકા કરી હતી. તમને જણાવી દઈએ કે આ અઠવાડિયાની શરૂઆતમાં, નિર્માતાઓએ જાહેરાત કરી હતી કે ફિલ્મ તૈન તૈનનું નવું ગીત બુધવારે રિલીઝ થશે, પરંતુ તે હજુ સુધી રિલીઝ થયું નથી. જોકે, યુટ્યુબ પરથી ગીતો દૂર કરવા અંગે નિર્માતાઓ અને સ્ટાર્સે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી.આ પહેલા ફવાદ ખાને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી અને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને શોક વ્યક્ત કર્યો હતો. ફવાદે પોતાની પોસ્ટમાં લખ્યું, "પહલગામમાં થયેલા જઘન્ય હુમલાના સમાચાર સાંભળીને ખૂબ દુઃખ થયું. અમારી સંવેદના અને પ્રાર્થનાઓ આ ભયાનક ઘટનાના પીડિતો સાથે છે અને અમે આ મુશ્કેલ સમયમાં તેમના પરિવારો માટે શક્તિ અને સ્વસ્થતા માટે પ્રાર્થના કરીએ છીએ."વધતી જતી ટીકા અને અબીર ગુલાલના બહિષ્કાર વચ્ચે, વાણી કપૂરે પણ પહેલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી. તેણીએ પોતાની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર એક ભાવનાત્મક નોંધ શેર કરતા લખ્યું, "જ્યારથી મેં પહેલગામમાં નિર્દોષ લોકો પર હુમલો જોયો છે, ત્યારથી હું આઘાતમાં છું, મારી પાસે કહેવા માટે કોઈ શબ્દો નથી. હું ખૂબ જ દુઃખી છું. હું ભાંગી પડી છું.

### હું ફક્ત રણબીર કપૂરને પડદા પર જોવા માંગુ છું : નુસરત ભરુચા

## કાર્તિક આર્યન નહીં, રણબીર કપૂર માટે મારા દિલમાં ખાસ જગ્યા




પ્યાર કા પંચનામા અભિનેત્રી નુસરત ભરુચાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેના કો-સ્ટાર કાર્તિક આર્યન વિશે વાત કરી હતી. તેમણે એ પણ જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કોનું તેમના હૃદયમાં ખાસ સ્થાન છે.છોરી ૨ ની અભિનેત્રી નુસરત ભરૂચાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં બોલિવૂડ અભિનેતા કાર્તિક આર્યન વિશે વાત કરી હતી. નુસરત ભરૂચા અને કાર્તિકી આર્યન એક જ સમયે તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી. બંને ઘણી ફિલ્મોમાં સાથે દેખાયા છે. નુસરતે ઈન્ટરવ્યુમાં એ પણ જણાવ્યું કે ઈન્ડસ્ટ્રીમાં કયા અભિનેતાનું તેના દિલમાં ખાસ સ્થાન છે. નુસરતે તે વ્યક્તિનું નામ લીધું અને કહ્યું કે આ સંપૂર્ણપણે વ્યક્તિગત છે.નુસરત ભરૂચાએ જણાવ્યું કે રણબીર કપૂર તેના દિલમાં ખાસ સ્થાન ધરાવે છે. તેણીએ કહ્યું કે તે મોટા પડદા પર રણબીર કપૂરને જોઈને મોટી થઈ છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે રણબીર કપૂર માટે તેમના હૃદયમાં ખાસ સ્થાન કેમ છે, ત્યારે તેમણે કહ્યું કે તે સંપૂર્ણપણે વ્યક્તિગત છે. નુસરતે વધુમાં કહ્યું કે તે રણબીરની કુશળતા અને કારીગરીથી ખૂબ જ પ્રેમમાં છે.તેણીએ કહ્યું, "હું ફક્ત રણબીર કપૂરને પડદા પર જોવા માંગુ છું." પોતાની વાત આગળ વધારતા, તેણીએ કહ્યું કે તે તેને અભિનય કરતો જોવા માંગે છે અને તેની ફિલ્મ જોવા માંગે છે. નુસરતે સ્પષ્ટતા કરી કે તે રણબીરને એક વ્યક્તિ તરીકે કરતાં તેના કૌશલ્ય અને કારીગરી માટે વધુ પસંદ કરે છે.

### પ્રીતિ સિંહાએ કહ્યું, 'આમિર ખાન ક્યારેય ફિલ્મના નિર્માતા નહોતા'

# આમિર અને સલમાનની 'અંદાજ અપના અપના'ની સિક્વલ બનાવવા પર હોબાળો

**આમિરે કહ્યું હતું કે, 'આપણે બધા ઇચ્છીએ છીએ કે 'અંદાજ અપના અપના ૨' બને'**

આમિર ખાને તાજેતરમાં જાહેરાત કરી કે 'અંદાજ અપના અપના' ની સિક્વલ બનાવવામાં આવશે અને તે સલમાન ખાન સાથે તેના પર કામ કરી રહ્યો છે, ત્યારે ચાહકો ખૂબ જ ખુશ થયા હતા. પરંતુ હવે સિક્વલને લઈને વિવાદ ઉભો થયો છે. ફિલ્મના નિર્માતા વિનય કુમાર સિંહાના બાળકોએ કહ્યું છે કે તેઓ આમિરને ફિલ્મના અધિકારો ક્યારેય વેચશે નહીં. તેમણે એમ પણ કહ્યું કે 'અંદાજ અપના અપના' ના અધિકારો ન તો આમિર પાસે છે અને ન તો દિગ્દર્શક રાજકુમાર સંતોષી પાસે. અધિકારોના વાસ્તવિક માલિક ફક્ત તેમના પિતા વિનય કુમાર સિંહા છે.એક ઈન્ટરવ્યુમાં પ્રીતિ સિન્હા, આમોદ અને નમ્રતા સિન્હાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે 'અંદાજ અપના અપના' ફિલ્મના અધિકારો ફક્ત તેમના પિતા વિનય કુમાર સિન્હાના છે. તેમણે આ અધિકારો અન્ય કોઈ અભિનેતા કે ફિલ્મ નિર્માતાને વેચ્યા નથી.તેમણે જણાવ્યું કે રાજકુમાર સંતોષીએ ઘણી વાર તેમના પિતા વિનય કુમાર સિંહા સાથે 'અંદાજ અપના અપના' ની સિક્વલ પર કામ કરવા વિશે વાત કરી હતી, પરંતુ વાત ક્યારેય આગળ વધી શકી નહીં. આ સ્ક્રિપ્ટ પર વર્ષો સુધી ચર્ચા થઈ, વચનો આપવામાં આવ્યા અને મીટિંગો પણ થઈ, પણ કંઈ બહાર આવ્યું નહીં.પ્રીતિ સિંહાએ કહ્યું, 'આમિર ખાન ક્યારેય ફિલ્મના નિર્માતા નહોતા.' તે ફક્ત એક અભિનેતા હતો. અમે ક્યારેય તેમને કે રાજકુમાર સંતોષીને અધિકારો વેચીશું નહીં. જો કે આમિરે તાજેતરમાં દાવો કર્યો છે કે રાજકુમાર સંતોષી આ સિક્વલ પર કામ કરી રહ્યા છે, પરંતુ એક નિર્માતા તરીકે તે જ આ વિશે સત્તાવાર જાહેરાત કરી શકે છે. દરેક વ્યક્તિ કહી શકે છે કે તેઓ ફિલ્મ લખી રહ્યા છે. પણ જો નિર્માતાઓ ફિલ્મની જાહેરાત ન કરે, તો તે ફક્ત ચર્ચા જ રહે છે. પ્રીતિ, અમોદ અને નમ્રતાને પૂછવામાં આવ્યું કે શું તેઓ 'અંદાઝ અપના અપના'ની સિક્વલનું નિર્દેશન કરવા માટે રાજકુમાર સંતોષીને સાઈન કરશે? તો તેમણે કહ્યું કે આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમણે આગળ કહ્યું, 'જો આમિર અને સલમાન સાથે સિક્વલ બનાવવામાં આવે છે, તો તે નિર્માતા તરીકે તેનો ભાગ બનશે કારણ કે તેના પિતા અને સંતોષી વચ્ચે હંમેશા સમજણ હતી.' તે જ સમયે, આમિરે તાજેતરમાં મીડિયાને કહ્યું હતું કે, 'આપણે બધા ઈચ્છીએ છીએ કે 'અંદાજ અપના અપના ૨' બને.' અમે રાજજીને સ્ક્રિપ્ટ પર કામ કરવા કહ્યું છે. તેની સ્ક્રિપ્ટ તૈયાર થતાંની સાથે જ, સલમાન અને હું ચોક્કસપણે તેના પર કામ કરવા માંગીએ છીએ.'અંદાજ અપના અપના' ૧૯૯૪માં રિલીઝ થઈ હતી. સલમાન અને આમિર ઉપરાંત, તેમાં કરિશ્મા કપૂર, રવિના ટંડન, પરેશ રાવલ, શક્તિ કપૂર અને શહઝાદ ખાન જેવા કલાકારો હતા. હવે 'અંદાજ અપના અપના' ૨૫ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં ફરીથી રિલીઝ થઈ છે.




## 'જો મારે પર્યટન કે શૂટિંગ માટે કાશ્મીર જવું પડે તો હું જઈશ': અભિનેતા સુનીલ શેટ્ટી

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી, જ્યારે પાકિસ્તાની અભિનેતા ફવાદ ખાનની ફિલ્મ 'અબીર ગુલાલ' પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, ત્યારે સુનીલ શેટ્ટીની ફિલ્મ 'કેસરી વીર'ના નિર્માતાઓએ પણ તેને પાકિસ્તાનમાં રિલીઝ કરવાનો ઈનકાર કરી દીધો હતો. આને પાકિસ્તાનને યોગ્ય જવાબ માનવામાં આવતો હતો, અને હવે સુનીલ શેટ્ટીએ આ હુમલાનો જોરદાર અને નીડર જવાબ આપ્યો છે. સુનિલ શેટ્ટીએ લોકોને તેમની આગામી રજા કાશ્મીરમાં ઉજવવા અને આતંકવાદીઓને બતાવવાનું કહ્યું કે તેઓ તેમનાથી ડરતા નથી.સુનિલ શેટ્ટીએ લતા દીનાનાથ મંગેશકર એવોર્ડ્સ ૨૦૨૫માં મીડિયા સાથે વાત કરતા આ વાત કહી હતી. ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે દેશનો દરેક નાગરિક ગુસ્સાથી ભરેલો છે અને તેની સખત નિંદા કરવામાં આવી રહી છે. આ હુમલાને કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંબંધો ફરી એકવાર કડવાશભર્યા બન્યા છે. પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે.સુનિલ શેટ્ટીએ પહેલગામ આતંકવાદી હુમલા પર ગુસ્સો વ્યક્ત કર્યો અને દેશના નાગરિકોને અપીલ કરતા કહ્યું કે, 'આપણે નાગરિકો વતી પણ આવું જ કરવું પડશે.' આપણે નક્કી કરવું પડશે કે આજથી આપણી આગામી રજા ફક્ત કાશ્મીરમાં જ રહેશે, બીજે ક્યાંય નહીં. આપણે તેમને બતાવવું પડશે કે આપણે ડરતા નથી, અને આપણે ખરેખર ડરતા નથી.સુનીલ શેટ્ટીએ આગળ કહ્યું, 'મેં પોતે ફોન કરીને કહ્યું હતું કે જો કાલે તમને લાગે કે અમારે ત્યાં આવવું પડશે, પ્રવાસીઓ તરીકે કે કલાકારો તરીકે, અમારે ત્યાં શૂટિંગ કરવું પડશે અથવા ત્યાં ફરવા જવું પડશે, તો અમે આવીશું.'સુનિલ શેટ્ટીએ બધાને એકતા જાળવવા અને એકતા જાળવવા અપીલ કરી. તેમણે કહ્યું, 'હવે આપણે એકતામાં રહેવાની જરૂર છે.' ભય અને નફરત ફેલાવવાનો પ્રયાસ કરી રહેલા લોકોથી ગેરમાર્ગે દોરાયા વિના, આપણે સાથે મળીને તેમને બતાવવું જોઈએ કે કાશ્મીર આપણું હતું, આપણું છે અને હંમેશા આપણું જ રહેશે. તો સેના, નેતાઓ, દરેક જણ આ પ્રયાસમાં સામેલ છે.

### વધુ એક અભિનેત્રીએ ગેરવર્તણૂકના ગંભીર આરોપ લગાવ્યો

## સાજિદ ખાન પર ગેરવર્તણૂકના ગંભીર આરોપ લગાવ્યો




ઈન્ડસ્ટ્રીમાંથી રોજ કાસ્ટિંગ કાઉચના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે. તેથી, ઘણીવાર નિર્માતાઓ આવી બાબતોમાં ફસાઈ જાય છે જેના કારણે તેમની ઘણી ટીકા પણ થાય છે. દરમિયાન 'ઈશ્કબાઝ' અને 'મિલે જબ હમ તુમ' જેવા શોમાં પોતાની ભૂમિકાઓ માટે પ્રખ્યાત નવીના બોલેએ તાજેતરમાં જ દિગ્દર્શક સાજિદ ખાન સાથેના પોતાના આઘાતજનક અનુભવ વિશે પહેલીવાર ખુલીને વાત કરી હતી. જેમાં સાજિદે તેને પોતાના ઘરે બોલાવી અને 'કપડા ઉતારવા' કહ્યું હતું એની સાથે નવીનાએ સાજિદ ખાન પર અનેક ગંભીર આરોપો લગાવ્યા છે અને ચોંકાવનારા ખુલાસા કર્યા છે. એક મુલાકાતમાં નવીનાએ સાજિદ ખાનને 'ઘૃણાસ્પદ માણસ' કહ્યો અને યાદ કર્યું કે તે ઈન્ડસ્ટ્રીના અન્ય લોકો સાથે મળીને મહિલાઓનું અપમાન કરતો હતો. ૨૦૧૮માં ભારતમાં **#MeToo** આંદોલન દરમિયાન સાજિદ ખાન પર અનેક મહિલાઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો, દિગ્દર્શક સાથેની પોતાની મુલાકાતને યાદ કરતાં નવીના બોલેએ કહ્યું કે સાજિદ ખાને 'હે બેબી' પર કામ કરતી વખતે તેને ફોન કર્યો હતો. તેણે યાદ કરતાં કહ્યું હતું કે હું ૨૦૦૪ અને ૨૦૦૬ની વાત કરી રહી છું જ્યારે હું ગ્લેડરેગ્સમાં કામ કરતી હતી. એ વખતે મારી મુલાકાત સાજિદ ખાનની ઓફિસમાં નહીં, પરંતુ તેમના ઘરે થઈ હતી. તમે કલ્પના પણ ન કરી શકો કે જ્યારે તેણે મને ફોન કર્યો ત્યારે હું બહુ ઉત્સાહી હતી અને જયારે હું ગઈ ત્યારે તેણે મને કહ્યું કે તું તારા કપડાં ઉતારીને કેમ નથી બેસતી હું જોવા માંગુ છું કે તું કેટલી કમ્ફર્ટેબલ છો.'પોતાની વાત આગળ ધપાવતા નવીનાએ આગળ કહ્યું કે 'તેણે કહ્યું હતું કે જો તું સ્ટેજ પર બિકીની પહેરી શકે છે, તો અહીં શું વાંધો છે?' એના પછી જેમ તેમ કરીને હું ત્યાંથી નીકળવામાં સફળ રહી અને તે પછી તેણે મને ઓછામાં ઓછા ૫૦ વાર ફોન કરીને પૂછ્યું હશે કે હું કેમ નથી આવતી, હું ક્યાં પહોંચી છું. ૨૦૧૮માં ભારતમાં **#MeToo** આંદોલન દરમિયાન સાજિદ ખાન પર અનેક મહિલાઓ દ્વારા જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.



# બોલિવૂડના કિંગ શાહરૂખ ખાને એક વચન પાલન માટે કાશ્મીરમાં પગ પણ નથી મુક્યો

**'આપણે આ સમયે એક થવું જોઈએ' મારી પ્રાર્થના અને ઊંડી સંવેદના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે છે**

બોલિવૂડના કિંગ શાહરૂખ ખાને દેશ અને વિદેશમાં ઘણી જગ્યાએ ફિલ્મોનું શૂટિંગ કર્યું છે. પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે આ અભિનેતા આજ સુધી ક્યારેય કાશ્મીર ગયા નથી. બોલિવૂડના બાદશાહ શાહરૂખ ખાન માત્ર તેની ફિલ્મો માટે જ નહીં પરંતુ તેના અંગત જીવન માટે પણ ચાહકોમાં ચર્ચાનો વિષય બને છે. તેમણે પહેલગામમાં થયેલા તાજેતરના આતંકવાદી હુમલા પર પણ દુઃખ વ્યક્ત કર્યું. બહુ ઓછા લોકો જાણતા હશે કે આ અભિનેતાનો કાશ્મીર સાથે ખૂબ જ ઊંડો સંબંધ છે. આમ છતાં, તે આજ સુધી ક્યારેય ત્યાં ગયો નથી.ખરેખર શાહરૂખ ખાનના દાદી કાશ્મીરી હતા. આ જ કારણ છે કે અભિનેતાને તે સ્થાન પ્રત્યે ઊંડો લગાવ છે. પણ હજુ સુધી શાહરુખે તે કાશ્મીર આજ સુધી જોયું નથી.આ પાછળનું કારણ એક વાર અભિનેતાએ પોતે કૌન બનેગા કરોડપતિના સેટ પર જાહેર કર્યું હતું. અભિનેતાએ કહ્યું હતું કે, તેના પિતાના વચનને કારણે, તે આજ સુધી કાશ્મીરની સુંદરતા જોઈ શક્યો નથી.શાહરુખે કહ્યું હતું કે, 'મારા પિતાએ મને કહ્યું હતું કે તમારે જીવનમાં ત્રણ સ્થળોની મુલાકાત લેવી જ જોઈએ - ઈસ્તંબુલ, રોમ અને કાશ્મીર.' મારા વગર તમે બીજી બે જગ્યાઓ જોઈ શકો છો, પણ મારા વગર કાશ્મીર નહીં જુઓ, હું તમને જાતે બતાવીશ.અભિનેતાએ કહ્યું કે તેના પિતા દ્વારા કહેવામાં આવેલી આ વાત તેના હૃદયમાં ઘર કરી ગઈ છે. પછી અચાનક અભિનેતાના પિતાનું અવસાન થયું. આ વાતને વર્ષો થઈ ગયા. પરંતુ આજ સુધી અભિનેતા ક્યારેય કાશ્મીર ગયા નથી. શાહરૂખ ખાને પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પર એક પોસ્ટ શેર કરી હતી. જેમાં અભિનેતાએ કહ્યું, 'પહલગામમાં બનેલી આ ઘટના એક અમાનવીય કૃત્ય છે, જે વિશ્વાસઘાતને વ્યાખ્યાયિત કરે છે.' હાલમાં, ગુસ્સો શબ્દોમાં વ્યક્ત કરી શકાતો નથી કે તેને કાબૂમાં રાખી શકાતો નથી.અભિનેતાએ આગળ લખ્યું, 'આપણે આ સમયે એક થવું જોઈએ.'



# થરા-૧ પે કેન્દ્ર ખાતે મુખ્ય શિક્ષક (એચ ટાટ)ની જિલ્લા ફેરબદલી થતા તેમનો વિદાય અને નવા આવેલાનો આવકાર સમારંભ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) થરા, તા.૨૮ ।

કાંકરેજ તાલુકામાંથી સતર મુખ્ય શિક્ષક (એચટાટ)ની જિલ્લા ફેરબદલી થતા તેમનો વિદાય અને અન્ય જિલ્લામાંથી કાંકરેજ તાલુકામાં આવેલ ૭ મુખ્ય શિક્ષકોને આવકારતો કાર્યક્રમ એચટાટ મુખ્ય શિક્ષક સંઘ દ્વારા થરા-૧ પે કેન્દ્ર પ્રાથમિક શાળા ખાતે પૂર્વ જિલ્લા ભાજપ મહામંત્રી, મહેસાણા જિલ્લા પ્રભારી ભારતસિંહ ભટેસરીયાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો આ પ્રસંગે પાલીકા પ્રમુખ ચેતના બેન સોની, પાલીકા શાસક પક્ષના નેતા પૃથ્વીરાજસિંહ વાઘેલા, ઈન્ચાર્જ ટીપીઓ જગમાલભાઈ જોષી, પૂર્વ આચાર્ય અને શ્રેયાન અધિક્ષક રમેશભાઈ પટેલ, લેખક યશપાલસિંહ ટી. વાઘેલા, દશરથજી ઠાકોર, બળદેવભાઈ જોષી, નરેન્દ્રસિંહ વાઘેલા, બિન્દેશ્વરીદેવી ઝાલા, ધવલભાઈ શાહ, વિરેન્દ્રભાઈ મામતોરા ઊપસ્થિત રહેલ.

એચ ટાટ તાલુકા સંઘના ઉત્સાહી પ્રમુખ રમેશભાઈ ત્રિવેદી, મંત્રી સરતાન ભાઈ દેસાઈ તથા સમગ્ર સ્ટાફ સંઘ પરિવાર દ્વારા સુંદર આયોજન કરી તાલુકામાં આ રીતનો પ્રથમ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમનું સંચાલન શિરવાડા શાળાના એચ ટાટ આચાર્યએન. આઈ. સુથારે જ્યારે આભાર વિધિ ભદ્રેવાડી શાળાના એચ ટાટ આચાર્ય ગોપાલભાઈ જોષીએ કરેલ.

# ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે કાઉન્ટ ડાઉન યોગ અને મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજાઈ

## યોગ શિબિરનો હેતુ લોકો માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે મેદસ્વિતા મુક્ત બને



। (માહિતી) છોટા ઉદેપુર, તા.૨૮ ।

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકામાં આવેલ એકલવ્ય મોડેલ સ્કૂલ ખાતે રાજય યોગ બોર્ડ દ્વારા ૧૧ માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫ની ઉજવણીના ભાગરૂપે કાઉન્ટ ડાઉન યોગ શિબિર તથા સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુકત ગુજરાત અભિયાન અંતર્ગત યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોગ શિબિરનો હેતુ લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે મેદસ્વિતા મુક્ત બને.

ગુજરાત યોગ બોર્ડ ઝોન કોર્ડિનેટર રાજેશ પંચાલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આહવાનને ઝીલીને મેદસ્વિતા અભિયાન શરૂ કરવામાં આવ્યું હતુ. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સમગ્ર ગુજરાતમાં મેદસ્વિતા મુક્ત બને તે માટે યોગ શિબિર કરવામાં આવી રહી હતી. આ યોગ શિબિરથી રોજ બરોજના જીવનની અનિયમીત આહાર શૈલીને ઠીક કરવા માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

આ યોગ સિબિરમાં ઝોન કોર્ડિનેટર ડૉ. રાજેશ પંચાલ, સોશિયલ મીડિયા ઝોન કોર્ડિનેટર શીલાબેન મનોજ, કવાંટ ગ્રામ પંચાયતના સરપંચ શીલાબેન રાઠવા, જિલ્લા યોગ કોર્ડીનેટર રોહિણીબેન પટેલ, આગેવાનો ડૉ. કે.સી.પરમાર, ડૉ. કેતન પારેખ, કવાંટ તાલુકાના કોચ વિપુલ રાઠવા, હોમગાર્ડ જવાનો, કોચ, ટ્રીનરો, શિક્ષકો અને યોગ સાધકો ઉપસ્થિત રહ્યા હતા.

# આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મહેસાણાના ચોથા સમૂહ લગ્નમાં ૬૩ યુગલોને આશીર્વચન પાઠવ્યા

। (માહિતી) મહેસાણા, તા.૨૮ ।

આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે આજ રોજ મહેસાણા ખાતે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મહેસાણાના ચોથા સમૂહ લગ્નમાં ૬૩ યુગલોને આશીર્વચન પાઠવ્યા હતા. ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના મહેસાણા જિલ્લો અને જય માતાજી ભા ગ્રુપ મહેસાણા દ્વારા ચોથો સમૂહ લગ્ન મહેસાણા ખાતે યોજાયા હતા. આ પ્રસંગે ઉપસ્થિત સૌએ પહેલગામના દિવંગતોને મૌન શ્રદ્ધાંજલિ આપી હતી. આરોગ્ય મંત્રીશ્રી પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં આ સમૂહ લગ્નમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રેડીયો કાર્યક્રમ ‘‘મન કી બાત’’ને પણ સૌએ સાંભળી હતી.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા પ્રસ્તુત મન કી બાત નું સમૂહ શ્રવણ કર્યુ હતું.....૬૩ નવ દંપતિઓને આશીર્વાદ આપતા આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શિક્ષણ દ્વારા પોતાના સમાજને ઉન્નત કરવાની પ્રબળ ઈચ્છા સાથે આગળ વધો. સંઘશક્તિ કલયુગે એટલે કે આ સમયમાં સમૂહ શક્તિ જ શક્તિબળ છે. ઠાકોર સમાજની નવી ઊંચાઈઓ આપવા માટે શિક્ષણ ભવન માટે માતબર રકમની જન પ્રતિનિધિઓ અને અગ્રણીઓ દ્વારા જ્યારે જાહેરાત થઈ છે ત્યારે સરકાર સરકાર સમક્ષ તમારી દરખાસ્ત મુકો એમ પણ તેમણે જણાવ્યું હતું.



૨૬-૦૪-૨૦૨૫ ના રોજ, અમદાવાદ GPO રિસેરેશન ક્લબ દ્વારા મેરાકી ડેન્ટલ ક્લિનિક અને ડૉ. પંકટીઝ ડેન્ટલ કેર, અમદાવાદના સહયોગથી શ્રી અલ્પેશ આર શાહ ડેપ્યુટી ચીફ પોસ્ટમાસ્ટર, અમદાવાદ GPO ના નેતૃત્વ હેઠળ મફત ડેન્ટલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

જાહેર સભ્યો અને ઓફિસ સ્ટાફ સહિત કુલ ૭૬ વ્યક્તિઓએ તેમના મૌખિક દાંતના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે આ પહેલનો લાભ લીધો.

ભાગ લેનારા અને આ કાર્યક્રમને યાદગાર બનાવનારા દરેકનો આભાર. સાથે મળીને, ચાલો સ્મિત ફેલાવતા રહીએ!

# કાંકરેજ તાલુકાનાવિભાનેસડા ગામ પાસે ટ્રેક્ટર અને એક્ટિવા વચ્ચે અકસ્માતમાં એક વ્યક્તિનું મોત એક ઘાયલ

। (પ્રતિનિધી) થરા, તા.૨૮ ।

કાંકરેજ તાલુકાના થરા-દીઓદર રોડ પર આવેલ વિભાનેસડા ગામ પાસે એક્ટિવા અને ટ્રેકટર વચ્ચે ગખવાર અકસ્માત થયો હતો. જેમાં જાણવા મળેલ માહિતી મુજબ એક્ટિવા નં. GJ08 AN 6286 પર બે યુવાનો જઈ રહ્યા હતા ત્યારે ટ્રેકટર ચાલકે એક્ટિવા ને ટક્કર મારતા બન્ને યુવાનો ફંગોળાઈ ગયા હતા અને ગંભીર ઘાયલ થયાં હતા જેમાં એક યુવાનનું ઘટના સ્થળે જ મોત થયું હતું અને એક ગંભીર ઘાયલ થયો હતો જાણવા મળેલ કે અકસ્માત માં એક્ટિવા ચાલક ઠાકોર વિહાજી ચંદુજીનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું અને બીજો પાછળ બેઠેલા યુવાન ભરતભાઈ ડાયાભાઇ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા થરા જેવી શાહ રેફરલ હોસ્પીટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યો હતો તેમજ મૃત્યુ પામનાર ઠાકોર વિહાજી ચંદુજીના મૃતદેહને પીએમ માટે ખાનગી વાહનમાં જે.વી. શાહ રેફરલ થરા ખાતે લાવવામાં આવ્યા હતા ત્યારે જાણવા મળ્યું કે અકસ્માત ટ્રેકટર ચાલક પોતાનું ટ્રેક્ટર મૂકી ભાગી ગયો હતો અકસ્માતની જાણ પોલીસને થતા થરા પોલીસ ઘટના સ્થળે તાત્કાલિક આવી મૃતકને પીએમ માટે થરા રેફરલ હોસ્પિટલમાં ખાનગી વાહનમાં લાવવામાં આવેલ અને આગળની તપાસ થરા પોલીસ ચલાવી રહી છે.

# સોના-ચાંદિના ઘરેણાંની ખરીદી કરનાર વેપારીઓએ રજીસ્ટર નિભાવવાના રહેશ

। (માહિતી) સાબરકાંઠા, તા.૨૮ ।

રાજયમાં બનતા ગુનાઓમાં સોના-ચાંદિના ઘરેણાંની ચોરીના ચેન-સ્નેચિંગના ગુનાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુનાઓ આચરી ચોરી કરેલ ઘરેણાં-દાગીના-ચેનો-સોનું-ચાંદિ વગેરે તથા આવા દાગીના ઓગાળીને ચોરો લુટફાટ કરનારાઓના સોના ચાંદિ લે-વેચ કે શો-રૂમવાળા વેપારીઓને વેચાણ કરતા હોય છે અને ચોરીનો મુદ્દા માલ વેચવા આવનારની માલિકીનો માની વેચાણ આપનારના કોઈ ઓળખના પુરાવા કે કોઈ ચોકકસ નામ/સરનામાની માહિતી મેળવ્યા સિવાય અજાણતામાં વેચાણ રાખતા હોય છે અને ચોરીની તપાસમાં છેવટે આવો મુદ્દા માલ વેચાણ રાખનાર પાસે કોઈ જ માહિતી ન હોવાના કારણે ચોરી કરનાર સુધી પહોંચવામાં પોલીસને પણ ખુબજ મુશ્કેલી અનુભવવી પડે છે અને અશકય પણ બની જાય છે.

# જિલ્લામાં મોટર સાયકલ અને ટુ વ્હીલર વાહનોના નંબર પ્લેટ બનાવનારાઓ માટે જરૂરી સૂચનાઓ

। (માહિતી) સાબરકાંઠા, તા.૨૮ ।

આતંકવાદીઓ દ્વારા સાયકલો તથા ટુ વ્હીલર વાહનો ઉપર સ્ફોટક પદાર્થો રાખી ભીડભાડવાળી જગ્યાઓમાં બોમ્બ બ્લાસ્ટ કરી આતંકવાદી/ત્રાસવાદી કૃત્યોને અંજામ આપવામાં આવે છે. જેથી મોટર સાયકલો/વાહનોના નંબર પ્લેટ બનાવનારાઓ ઉપર જાહેર વ્યવસ્થા, શાંતી,સલામતી અને દેશની સુરક્ષા માટે જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી,સાબરકાંઠા જિલ્લાએ સમગ્ર જિલ્લામાં મોટર સાયકલ, સ્કુટર, ટુ વ્હીલર તથા અન્ય વાહનોના નંબર પ્લેટ બનાવનારા, ચીતરનાર સંસ્થા, દુકાનદારોએ પાસે જયારે જયારે આવા સાયકલ, સ્કુટર તથા મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલરો વાહનોની નંબર પ્લેટ બનાવવા આવે તે વખતે જરૂરી સુચનાઓનું અવશ્ય પાલન કરવાના હુકમ જારી કરાયા છે.

# ઝાલોદ તાલુકામાં કાળી મહુડી ખાતે નિસ્વાર્થ ભાવે ચાલતી લાઇબ્રેરી એટલે ભારત જ્ઞાન ખંડ

## દાહોદમાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં ઉમેદવારો માટે ચાલતી લાઇબ્રેરી સહિત વિનામૂલ્યે લેવાતા વર્ગનું સરનામું એટલે "ભારત જ્ઞાન ખંડ"



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કાળી મહુડી ખાતે રહેતા ભાવેશભાઈ નીનામાએ પોતાના ઘરને જ લાઈબ્રેરી તેમજ ક્લાસીસમાં ફેરવી દીધું છે. હા, અહીં વાત કરીએ છીએ એક એવા સરકારી કર્મયોગીની કે જેમણે અનેક જગ્યાઓએ સારી પોસ્ટ તેમજ પગાર સાથે નોકરી હોવા છતાં એ નોકરી છોડીને તેઓ હાલ સ્વખર્ચે એક એવી લાઈબ્રેરી શરૂ કરી કે જ્યાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા મધ્યમ તેમજ ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ અને ઉમેદવારો સરળતાથી પુસ્તક મેળવીને તૈયારી કરી શકે. હાલના સમયમાં સ્પર્ધાત્મક પરીક્ષાના પુસ્તકોની કિંમત હોય કે સ્પર્ધાત્મક પરીક્ષાના ક્લાસીસની ફી હોય જે મધ્યમ અને ગરીબ વર્ગના ઉમેદવારોને પોસાય એમ નથી જ. લાઈબ્રેરી શરૂ કરવાનું મૂળ કારણ જણાવતાં તેઓ કહે છે કે, મેં ઘણાય એવા ઉમેદવારોને જોયા છે કે, જેઓ પાસે કાબેલિયત હોવા છતાં તેઓ આર્થિક સ્થિતિ સારી ન હોવાથી પુસ્તકની પ્રાઈઝ જોઈને પાછી મૂકી દેતા હતા. એમની આ મજબૂરી મારાથી અસહ્ય હતી. મારું બેક ગ્રાઉન્ડ સારુ છે. હું સદ્ધર પરિવારમાંથી આવું છું. મારા માટે એ શક્ય હતું. પરંતુ એ પછી મેં સરકારી નોકરી છોડીને આવા અસહાય ઉમેદવારોને મદદ કરવાનું વિચાર્યું, જેમાં મને લાઈબ્રેરી સહિત ક્લાસ શરૂ કરવાનું યોગ્ય લાગ્યું. જેમાં લેક્ચર પણ હું પોતે જ લઉં છું. આ લાઈબ્રેરીનો લાભ હર કોઈ લઈ શકે છે, માર્ગદર્શન સહિત પુસ્તકો પણ અહીં મળી શકે છે.આ બધું મેં સ્વખર્ચે ઊભું કર્યું છે. મેં મારા ઘરને એ રીતે ડીઝાઈન કર્યું છે કે, લાઈબ્રેરીમાં આવતા વિદ્યાર્થીઓ કે મારા પરિવારને કોઈપણ પ્રકારની મુશ્કેલી પડતી નથી, હા, મેં લાઈબ્રેરી મારા ઘરમાં જ બનાવી છે. એનું એક કારણ એ પણ છે કે, પરિવાર સહિત વિદ્યાર્થીઓને જ્યારે પણ જરૂર પડે તો હું અવેલેબલ હોઉં. અહીં ૭૦ જેટલા વિદ્યાર્થીઓ આરામથી બેસી શકે તેવા હોલની વ્યવસ્થા કરવામાં આવી છે. શૌચાલયથી માંડીને વોશબેસીન તેમજ પીવાના પાણીની પણ પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે. હું મારા તરફથી પુરતો પ્રયાસ કરું છું કે, અહીં આવેલ કોઈપણ વિદ્યાર્થીને વાંચવામાં કે વર્ગમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી પડે નહીં.

ભાવેશભાઈની વાત કરીએ તો તેઓ મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાં કાળી મહુડીના રવજી ફળિયાના વતની છે. તેમના માતા-પિતા સરકારી નોકરી કરતા હતા. એમના પત્ની પણ હાલ સારા હોદ્દા સાથે સરકારી નોકરીમાં ફરજ બજાવી રહ્યા છે. ભાવેશભાઈએ મહારાષ્ટ્રથી ઈલેક્ટ્રિકલ એન્જીયરિંગમાં બી. ઈ. નો અભ્યાસ કર્યો હતો. ડીપ્લોમા ઈલેક્ટ્રીકલ પારુલ યુનિવર્સીટીમાં પૂર્ણ કર્યું. ત્યારબાદ તેમણે વડોદરામાં સિગ્મા પોલીટેક્નિક ખાતે ડિપ્લોમા ઈલેક્ટ્રીકલ વિભાગમાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૬ સુધી લેક્ચરર તરીકે સેવા આપી, વર્ષ ૨૦૧૬ માં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગર ગયા, વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન શિક્ષણ વિભાગમાં સિનીયર ક્લાર્ક તરીકે સેવા આપી, અમદાવાદ ખાતે પણ વર્ષ ૨૦૨૨ માં માર્ગ અને મકાન વિભાગમાં જુનીયર ક્લાર્ક તરીકે સેવા આપી જ્યાંથી તેમણે લાઈબ્રેરીના વિદ્યાર્થીઓની તૈયારી માટે રાજીનામું મુક્યું. એ ઉપરાંત ડાંગ જિલ્લામાં પણ સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવી હતી.

હા, ડાંગ જિલ્લામાં સિનીયર ક્લાર્ક તરીકે સર્વિસ કરતી વખતે એમને વિચાર આવ્યો કે, એમનું વતન એવા દાહોદ જિલ્લામાં મોટાભાગના પરિવાર આર્થિક રીતે પછાત હોવાથી તેઓને આવી પરીક્ષાઓની તૈયારી કરવી મુશ્કેલ થઈ જતી હોય છે, પુસ્તક ખરીદી નથી શકતા ત્યાં સ્પેશ્યલ ક્લાસીસ કરવા માટેના પૈસા તો ક્યાંથી કાઢી શકે..! તેથી તેમણે લાઈબ્રેરી સાથે માર્ગદર્શન આપી ક્લાસ શરૂ કરવાનો વિચાર કર્યો.

લાઈબ્રેરીના પુસ્તકો લાવવા સહિતની તમામ પ્રકારની વ્યવસ્થા તેમણે સ્વખર્ચે કરી છે. સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો તેમજ શાળા અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને મદદરૂપ પુસ્તકો લાવવા, લાઈબ્રેરીમાં વાંચવા તેમજ માર્ગદર્શનના લેક્ચર સહિતની સુવિધા સંપૂર્ણપણે નિ:શુલ્ક છે. દાહોદના યુવાનો આવનાર સમયમાં વિવિધ ક્ષેત્રોમાં સફળ કારકિર્દી બનાવે, આર્થિક રીતે સક્ષમ બને તેમજ સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, શારીરિક અને રાજનૈતિક બાબતમાં જાગૃત થઈ પોતાનું ભવિષ્ય સુનિશ્ચિત કરે તે માટે ભાવેશભાઈએ ‘‘ભારત જ્ઞાન ખંડ’’ એમને સમર્પિત કર્યો છે.

ભાવેશભાઈ વધુમાં જણાવે છે કે, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે ઘણા નિપુણ વિદ્યાર્થીઓને સાચું માર્ગદર્શન નથી મળતું, જેના કારણે તેઓ સફળ થઈ શકતા નથી. જેના માટે હું રાજ્ય સરકાર દ્વારા લેવાતી વિવિધ પરીક્ષાલક્ષી તૈયારી સિલેબસ પ્રમાણે એનસીઆરટી, જીસીઆરટી તેમજ ગુજરાત ગ્રંથ બોર્ડ નિર્માણ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા ઓથેન્ટિક પુસ્તકોમાંથી વિદ્યાર્થીઓને શીખવું છું. એ સાથે અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને દરેક સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી થાય તેવા પુસ્તકો વાંચવા માટે પણ આપવામાં આવે છે. જેમાં અંદાજીત ૧૫ લાખ સુધીના પુસ્તકોનું તેમણે દાહોદના સેવાભાવી દાતાશ્રીઓના સહયોગ થકી વિવિધ કાર્યક્રમોમાં વિતરણ પણ કર્યું છે, જેમાં શાળા-કોલેજો સહિત શૈક્ષણિક સંસ્થાઓનો પણ સમાવેશ થાય છે.

‘‘ભારત જ્ઞાન ખંડ’’ લાઈબ્રેરીનો સમય સવારે ૮ વાગ્યાથી લઈને સાંજે ૮ વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. લાઈબ્રેરીમાં અત્યારે ૧. ૫૦ લાખની કિંમતના ૭૦૦ જેટલાં પુસ્તકો અવેલેબલ છે. આવનાર સમયમાં ધોરણ ૧૦ અને ૧૨ પછી કયો અભ્યાસ કરવો એ માટે કારકિર્દી માર્ગદર્શન માટે સેમિનાર પણ રાખવામાં આવશે. ‘‘ભારત જ્ઞાન ખંડ’’ માં કોઈપણ જાતના સામાજિક કે જાતિગત ભેદભાવ વગર એક સમાન ભાવે વિના મુલ્યે શૈક્ષણિક સેવા આપવામાં આવે છે.

હાલ તેઓ ભારતના બંધારણ વિષય પર રીસર્ચ કરી રહ્યા છે. તેમણે દાહોદમાં આવેલ સેન્ટ ઝોન સ્કુલ ખાતે વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૨ સુધી દર રવિવારે વિનામૂલ્યે લેકચર લીધા હતા. અનેક જગ્યાએ વિવિધ વિષયો પર વિના મુલ્યે લેક્ચર પણ આપ્યા છે. મારા પરિવાર તેમજ મિત્રોનો મને આ સેવા કાર્યમાં ખુબ જ સહકાર મળ્યો છે. ભાવેશભાઈ દાહોદ જીલ્લાના વિદ્યાર્થી-યુવાઓને સંબોધતા કહે છે કે, આ લાઈબ્રેરી તમામ માટે છે. જે કોઈને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરવી હોય અથવા તો પુસ્તક કે માર્ગદર્શનની જરૂર હોય તો તેઓના માટે આ લાઈબ્રેરી હંમેશા ખુલ્લી છે. અને તેઓ નિ:સંકોચ મારો સંપર્ક કરી શકે છે. હજારોમાં એક આવા વિરલા હોય છે, એ વિરલાઓમાંના એક એવા આપણા ભાવેશભાઈ. સલામ છે આવા સેવાધારી નિ:સ્વાર્થ કર્મયોગીને...!

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. તમારા ઉદાર વર્તનનો લાભ તમારા બાળકોને ન લેવા દો. કામનું દબાણ વધતા માનસિક તોફાન તથા અશાંતિ સર્જાશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. લોકોની જરૂરિયાત શી છે તથા તમારી પાસેથી તેમને ચોક્કસ શું જોઈએ છે તે તમે જાણતા હો એવું લાગે છે-પણ તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ ન બનતા. તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું એ આજના દિવસની પ્રાથિમકતા હોવી જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું રૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે?

**કર્ક (ડ,હ) :**

આજે તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. આજ નો દિવસ પ્રેમના રંગોમાં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. આજે પ્રેમમાં તમારે ભાગ્યવંત દિવસ છે. તમે લાંબા ગાળાથી જેની કલ્પના કરી રહ્યા હતા.

**સિંહ (મ,ટ) :**

આજે કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આ વાત સારી રીતે સમજી લો કે દુઃખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો? તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. તમે ધાર્યા ન હોય એવા સ્થળેથી થનારો આર્થિક લાભ તમારા દિવસને ઝળકાવશે. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. આજે તમે તમારા પ્રેમી સાથે ક્યાંક ફરવા જવા ની યોજના બનાવશો, પરંતુ કોઈ મહત્વપૂર્ણ કામ ના આગમન ને કારણે આ યોજના સફળ નહીં થાય.

**તુલા (ર,ત) :**

આજે કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. આજે મિત્રો સાથે પાર્ટી માં તમે કહું પૈસા લૂંટાવી શકો છો છતાંય તમારો આર્થિક પક્ષ મજબૂત રહેશે? અંગત અને ગોપનીય હોય તેવી માહિતી કોઈને જણાવતા નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમારા પ્રેમને કોઈ મહામૂલી જણસની જેમ તાજો રાખો.

**મકર (ખ,જ) :**

આજે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે જે કંઈ કરશો તેમાં ઊર્જાથી સભર હશો તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી સ્વાસ્થ્ય તથા શક્તિ બચાવવાની આદત તમને ખૂબ જ મદદ કરશે કેમ કે તમે લાંબી મુસાફરી પર જવાની યોજના ઘડી રહ્યા છો. વ્યસ્ત સંયપત્રક છતાં તમે થાક સાથે આસાનીથી કામ પાડી શકશો. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

# ભારતે પોતાના જ લોકોને મરાવી નાખ્યા : આફ્રિદી

## આફ્રિદીએ ભારત સરકાર અને ભારતીય સેના પર ઝેર ઓક્યું, સાથે ભારતીય સેના પર પણ આરોપ લગાવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

પાકિસ્તાનના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી જ્યારે પણ મોં ખોલે છે, ત્યારે તે હંમેશા ભારત વિરુદ્ધ ઝેર ઓકે છે. હવે આ વાયરલ વીડિયોનું જ ઉદાહરણ લઈ લો. પાકિસ્તાની ક્રિકેટરે ભારત સરકાર અને ભારતીય સેના પર ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે આ આરોપ લગાવ્યો છે. આ હુમલામાં ૨૬ લોકો માર્યા ગયા હતા, જેમાં નિર્દોષ પ્રવાસીઓનો સમાવેશ થાય છે. આફ્રિદીએ આ હુમલા બાદ ભારતીય સેનાના પ્રતિભાવ પર સવાલ ઉઠાવ્યા છે અને ભારત પર આતંકવાદને પ્રોત્સાહન આપવાનો આરોપ પણ લગાવ્યો છે. શાહિદ આફ્રિદીએ પાકિસ્તાની મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, આતંકવાદીઓ એક કલાક સુધી પહલગામમાં લોકોને મારી રહ્યા હતા, પરંતુ ૮ લાખ ભારતીય સૈનિકોમાંથી એક પણ ત્યાં પહોંચ્યો નહીં. તેમણે વધુમાં કહ્યું કે, જ્યારે સૈનિકો પહોંચ્યા ત્યારે તેમણે પાકિસ્તાન પર આરોપ લગાવ્યો હતો. આફ્રિદીએ ભારત પર પોતાના જ લોકોને મારી નાખવાનો અને પછી પાકિસ્તાન પર દોષારોપણ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, કોઈ પણ દેશ કે ધર્મ આતંકવાદનું સમર્થન કરતો નથી. ઈસ્લામ અમને શાંતિ શીખવે છે, અને પાકિસ્તાન ક્યારેય આવા કૃત્યોનું સમર્થન કરતું નથી.

આફ્રિદીએ ભારત સાથેના સંબંધો સુધારવાની પણ વાત કરી હતી. ૨૦૧૬ ના ૨૦ વર્લ્ડ કપનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ભારતની યાત્રા કરતા પહેલા તેમને ઘણી ધમકીઓ મળી હતી. તે સમયે તે ટીમનો કેપ્ટન હતો અને તેને ખબર નહોતી કે, તે ભારત જઈ શકશે કે નહીં. રમતગમતને પ્રોત્સાહન આપવા વિશે વાત કરતા આફ્રિદીએ કહ્યું કે, ભારત પોતાની કબડ્ડી ટીમ પાકિસ્તાન મોકલે છે પણ ક્રિકેટ ટીમ મોકલતું નથી. તેણે કહ્યું કે, જો તમારે તેને બંધ કરવું હોય તો તેને સંપૂર્ણપણે બંધ કરો, અથવા ચાલું રાખવું હોય તો સંપૂર્ણ રમત ચાલુ રહેવા દો.

શનિવારે આફ્રિદીએ ભારતીય મીડિયા પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે આતંકવાદી હુમલાના કવરેજને વાહિયાત ગણાવ્યું હતું. તેમણે સમા ટીવી પર કહ્યું કે, આશ્ચર્યજનક છે કે હુમલાના એક કલાકમાં જ તેમનું મીડિયા બોલીવુડ બની ગયું છે. ખુદાની ખાતર, બધું જ બોલીવુડ ન બનાવો. આફ્રિદીએ આગળ કહ્યું કે, મને ચોંકી ગયો, તેના બદલે હું તેની વાત કરવાની રીતનો આનંદ આવી રહ્યો હતો.

### કુર્સ્ક પ્રદેશ પરત મેળવ્યાનો રશિયાનો દાવો

# રશિયા સામે 'અલગ રીતે' વ્યવહાર કરવાની ટ્રમ્પની ધમકી

## લાગે છે કે પુતિન યુદ્ધ રોકવા નથી માગતા, તેઓ ફક્ત મારી સાથે ડોળ કરી રહ્યા છેઃ ટ્રમ્પ

। (માહિતી) વોશિંગ્ટન, તા.૨૮ ।

યુક્રેન પર તાજેતરના હવાઈ હુમલાઓ પછી રશિયાના પ્રેસિડન્ટ વ્લાદિમીર પુતિન પ્રત્યે રોષ વ્યક્ત કરીને અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે મોસ્કો સામે અલગ રીતે વ્યવહાર કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે બેન્કિંગ અને બીજા પ્રતિબંધોનો ઉપયોગ કરવાની પણ ચીમકી આપી હતી. અગાઉ ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને સમાપ્ત કરવાની ચાવી તરીકે તેમના રશિયન સમકક્ષ સાથેના અંગત સંબંધોનો ઉપયોગ કરવાની બડાઈ હાંકી હતી, જોકે હવે તેમણે જણાવ્યું હતું કે મને લાગે છે કે પુતિન મારી સાથે ઢોંગ કરી રહ્યાં છે.

ટ્રુથ સોશિયલમાં એક પોસ્ટમાં યુક્રેન પર બોમ્બમારો બંધ કરવા હાકલ કર્યાના થોડા દિવસો પછી ટ્રમ્પે પુતિનની આ ટીકા કરી હતી. કીવ પર તાજેતરના હવાઈ હુમલાનો ઉલ્લેખ કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે છેલ્લાં કેટલાંક દિવસોમાં પુતિને નાગરિક વિસ્તારો, ગામો અને શહેરોમાં મિસાઈલો છોડ્યા છે. મને લાગે છે કે કદાચ તેઓ યુદ્ધ રોકવા માંગતા નથી, તેઓ ફક્ત મને મારી સાથે યુદ્ધવિરામનો ડોળ કરી રહ્યાં છે. તેમની સાથે બેન્કિંગ અને સેકન્ડરી પ્રતિબંધો દ્વારા અલગ રીતે વ્યવહાર કરવો પડશે. ઘણા બધા લોકો મરી રહ્યા છે. શનિવારે વેટિકનમાં પોપ ફ્રાન્સિસના અંતિમ સંસ્કાર પહેલા યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સકી સાથેની મુલાકાતના થોડા સમય પછી ટ્રમ્પે સોશિયલ મીડિયામાં આ પોસ્ટ મૂકી હતી. ઝેલેન્સ્કી-ટ્રમ્પની



મુલાકાતને વ્હાઈટ હાઉસે ખૂબ ફળદ્રુપ ગણાવી હતી. રશિયાના ટોચના મિલિટરી જનરલે દાવો કર્યો હતો કે રશિયાના કુર્સ્ક પ્રદેશના કેટલાંક વિસ્તારોમાંથી યુક્રેનના સૈનિકોને હાંકી કાઢવામાં આવ્યા છે અને રશિયાએ તેના આ પ્રદેશ પર સંપૂર્ણ અંકુશ મેળવ્યો છે. જોકે યુક્રેનના અધિકારીઓએ રશિયાના દાવાને નકારી કાઢ્યો હતો. યુક્રેને આશ્ચર્યજનક હુમલો કરીને રશિયાના આ પ્રદેશ પર ગયા વર્ષે અંકુશ મેળવ્યો હતો. ક્રેમલિને એક નિવેદનમાં જણાવ્યું હતું કે પુતિને રશિયાના સૈનિકો અને કમાન્ડરોને અભિનંદન આપ્યાં હતાં.

### NIAની તપાસમાં ખુલાસો

# પહલગામમાં નરસંહાર કરતી વખતે આતંકીઓએ ઘટનાનું રેકોર્ડિંગ કર્યું

## NIA અધિકારીએ જણાવ્યું હતું કે આ ક્રૂર આતંકવાદી હુમલાની શરૂઆતની તપાસમાં સંકેત પણ મળ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

પહલગામના બૈસરનમાં ૨૨ એપ્રિલે આતંકીઓએ મોટા નરસંહારને અંજામ આપ્યું હતું જેમાં ૨૬ પર્યટકોને તેમના પરિજનો અને બાળકો સામે જ ગોળી મારી દીધી હતી. આ આતંકી હુમલાની તપાસ હાલમાં એનઆઈને સોંપાઈ છે. એનઆઈએએ જ્યારે ઘટનાસ્થળે પહોંચીને પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ કરી તો જાણવા મળ્યું કે આતંકીઓએ આ નરસંહારનો વીડિયો રેકોર્ડિંગ કર્યો હતો. આતંકીઓ તેમના શરીર પર બોડી કેમેરા લગાવીને આવ્યા હતા. એનઆઈએના સૂત્રોએ જણાવ્યું કે તપાસ એજન્સીએ આ આતંકી હુમલા અંગે જમ્મુમાં કેસ નોંધ્યો છે અને અનૌપચારીક રીતે તો આ મામલે મંગળવારથી જ તપાસ શરૂ કરી દીધી હતી. ઘટનાના દિવસે પોલીસ અને આઈજીના નેતૃત્વમાં એનઆઈએની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્યારથી જ ત્યાં તપાસનો દોર ચાલી રહ્યો છે. NIA અધિકારીએ જણાવ્યું હતું કે આ ક્રૂર આતંકવાદી હુમલાની શરૂઆતની તપાસમાં સંકેત મળ્યો છે કે આતંકવાદીઓની સંખ્યા પાંચથી સાતની વચ્ચે હોઈ શકે છે અને આતંકવાદીઓને ઓછામાં ઓછા બે સ્થાનિક લોકોએ પણ મદદ કરી હતી જેમણે પાકિસ્તાનમાં તાલીમ લીધી હતી. ઘટના બાદ સુરક્ષા એજન્સીઓએ ત્રણ આતંકવાદીઓના સ્કેચ પણ જાહેર કર્યા હતા. ત્રણેય પાકિસ્તાનના છે અને તેમના નામ આસિફ ફૌજી, સુલેમાન શાહ અને અબુ તલ્હા છે.

### વર્લ્ડ બેન્કના રિપોર્ટને ટાંકીને મુખ્ય વિપક્ષના મોદી સરકાર પર પ્રહાર

# ટેક્સ ટેરરિઝમ, કોર્પોરેટ પક્ષપાતને નાબૂદ કરવાની તાતી જરૂરિયાતઃ કોંગ્રેસના નેતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

વર્લ્ડ બેન્કના રીપોર્ટને ટાંકીને મોદી સરકાર પર પ્રહાર કરતાં કોંગ્રેસે રવિવારે આક્ષેપ કર્યો હતો કે દેશની આર્થિક વૃદ્ધિની સાથે-સાથે દેશમાં આવકની અસમાનતામાં તીવ્ર વધારો થયો છે તથા જીએસટી જેવા ટેક્સમાં સુધારો કરવાની અને ટેક્સ ટેરરિઝમને નાબૂદ કરવાની તાતી જરૂરિયાત છે. સરકારે કંપની માટેના બેશરમ પક્ષપાતનો અંત લાવવો જોઈએ તથા પરિવારોને આવકમાં સપોર્ટ પૂરો પાડવો જોઈએ. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે વિશ્વ બેંકે આ મહિને ભારત માટે તેનો પોવર્ટી એન્ડ ઈક્વિટી



બ્રિફ નામનો રીપોર્ટ જારી કર્યો છે, જે અનેક ચિંતાઓ ઉભી કરે છે, ભલે મોદી સરકાર તેને પોતાના ફાયદામાં ફેરવી નાંખે. વર્લ્ડ બેન્કે તેના રીપોર્ટમાં જણાવ્યું છે કે છેલ્લાં એક દાયકામાં ભારતે ગરીબીમાં મોટો ઘટાડો કર્યો છે. દારુણ ગરીબી (દરરોજ ૨.૧૫ ડોલરથી ઓછી આવક ધરાવતા લોકો)નો દર ૨૦૧૧-૧૨માં ૧૬.૨ ટકા હતો, જે ૨૦૨૨-૨૩માં ઘટી ૨.૩ ટકા થયો છે. તેનાથી ૧૭.૧ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યાં છે. જોકે ગરીબમાં થયેલા ઘટાડા માટે જયરામ રમશે જૂન ૧૯૯૧ના મનમોહન સિંહના આર્થિક સુધારાને શ્રેય આપ્યો હતો. તેમણે મનરેગા, નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ જેવા કોંગ્રેસ સરકારના પગલાં ગણાવ્યા હતાં. કોંગ્રેસના નેતાએ જણાવ્યું હતું કે નીચી મધ્ય આવક ધરાવતા દેશ તરીકે ભારતમાં ગરીબી માપવા માટેનો યોગ્ય દર પ્રતિદીન ૩.૬૫ ડોલરની આવક છે.

### વારાણસીથી બેંગલુરુ જતી ફ્લાઇટની ઘટનાઃ કેનેડિયનની ધરપકડ

# કેનેડિયને ફ્લાઇટમાં પોતાની પાસે બોમ્બ હોવાનો દાવો કર્યો

। (એજન્સી) વારાણસી, તા.૨૮ ।

ઉત્તરપ્રદેશના વારાણસીથી બેંગલુરુ જનારી ઈન્ડિગોની ફ્લાઈટમાં યાત્રા કરી રહેલા એક વિદેશી નાગરિકે દાવો કર્યો કે તેની પાસે બોમ્બ છે. જેના કારણે વારાણસી એરપોર્ટ પર હડકંપ મચી ગયો હતો. પોલીસે તેની ધરપકડ કરી હતી. પોલીસના કહેવા મુજબ આ ઘટના શનિવારની રાતની છે. બોમ્બ હોવાનો દાવો કરનાર વિદેશી નાગરિક કેનેડાનો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે. સુરક્ષા કર્મીઓ તેની પૂછપરછ કરાઈ હતી. ફ્લાઈટમાં કોઈ બોમ્બ મળ્યો નહતો. એરપોર્ટના ડાયરેક્ટર પુનીત ગુપ્તાએ જણાવ્યું કે બોંબની અફવા પછી વિમાનને તપાસ માટે આઈસોલેશન-બેમાં લઈ જવામાં આવ્યું, પરંતુ તેમાંથી કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નહીં. તેમણે ઉમેર્યુ કે યાત્રીના દાવા પછી ઈન્ડિગોના ક્રૂ મેમ્બરોએ તરત જ એર ટ્રાફિક કંટ્રોલ(એટીસી)ને ખતરાની જાણ કરી દીધી હતી. ત્યાર પછી ઉડાણ રોકી દેવામાં આવી હતી અને સ્ટાન્ડર્ડ સિક્યોરિટી પ્રોટોકોલ અનુસાર તપાસ કરવામાં આવી હતી. સુરક્ષા એજન્સીઓની મંજૂરી મળ્યા પછી વિમાનને રવિવારે સવારે બેંગલુરુ માટે રવાના કરવામાં આવ્યું હતું. ઈન્ડિગોએ એક નિવેદનમાં કહ્યું કે ૨૬મી એપ્રિલે વારાણસીથી બેંગલુરુ માટે ઉડાણ ભરનારી ફ્લાઈટ(૬ઈ-૪૯૯) બોંબની ધમકીને લીધે મોડી પડી હતી.

### અમેરિકનોએ ટ્રમ્પને મૂર્ખ ગણાવ્યા

# ટ્રમ્પે પોપના અંતિમસંસ્કારમાં કરેલા અશોભનીય વર્તનની ચોમેર ટીકા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને કશુંક અળવીતરું કર્યા વિના ચેન નથી પડતું, એવું લાગે છે. રાજનીતિના ખેલમાં તેઓ આઘાતજનક પગલાં લે એ તો હજુ સમજાય એવી વાત છે, પણ માણસ મોતનો મલાજો પણ ન જાળવે એ માણસને શું કહીશું? બુદ્ધિહિન? મૂર્ખ? હા, કમસેકમ અમેરિકનો તો એમના પ્રમુખ માટે એવા જ શબ્દો વાપરી રહ્યા છે. ચાલો જાણીએ કે એવું તો શું બન્યું કે અમેરિકા સહિત દુનિયાભરના લોકો ટ્રમ્પની ચોમેરથી ટીકા કરી રહ્યા છે. શનિવાર, ૨૬ એપ્રિલના રોજ ઈટલીની રાજધાની રોમમાં મૃત પોપ ફ્રાન્સિસના અંતિમસંસ્કાર યોજાયા હતા, જેમાં યુકેના વડાપ્રધાન કીર સ્ટારમર અને પ્રિન્સ વિલિયમ સહિત દુનિયાભરના દિગ્ગજ નેતાઓ અને મહાનુભાવોએ હાજરી આપી હતી. છેલ્લા થોડા દિવસોમાં લાખો લોકો પોપના અંતિમ દર્શન માટે આવ્યા હતા. અંતિમસંસ્કાર જેવા ગંભીર પ્રસંગે ડોનાલ્ડ ટ્રમ્પે સાવ અશોભનીય વર્તન કરીને ટીકાઓ વહોલી લીધી હતી.

પશ્ચિમી દેશોમાં ખ્રિસ્તી વ્યક્તિની અંતિમવિધિમાં કાળા વસ્ત્રો પહેરવાનો રિવાજ છે, કેમ કે કાળા રંગને શોકનું પ્રતીક ગણવામાં આવે છે. પોપ ફ્રાન્સિસના અંતિમસંસ્કારમાં અમેરિકન રાષ્ટ્રપતિએ કાળા કપડાં પહેરવાને બદલે ભૂરા રંગનો સૂટ પહેર્યો હતો. ટ્રમ્પના પત્ની મેલેનિયા સહિત ત્યાં હાજર તમામ લોકોએ પરંપરા મુજબ કાળા વસ્ત્રો પહેરેલા હતા, એકમાત્ર ટ્રમ્પ જ ભૂરા સૂટને લીધે અલગ તરી આવતા હતા. એટલું જ નહીં, સમારોહ દરમિયાન ટ્રમ્પ ચ્યુઈંગ ગમ ચગળી રહ્યા હતા અને મોબાઈલ ફોનનો ઉપયોગ પણ કરી રહ્યા હતા. સમારોહમાં ટ્રમ્પ સૌથી આગળની હરોળમાં બેઠા હોવાથી તેમની પ્રત્યેક હરકત કેમેરામાં રેકોર્ડ થઈ ગઈ હતી. તેમનો પહેરવેશ અને અશોભનીય વર્તન લોકોની નજરમાં તરત ચઢી ગયું હતું. મીડિયાજગતથી લઈને સોશિયલ મીડિયા સુધી હરકોઈ એમની ટીકા કરી રહ્યું છે.

## ઇરાનના પોર્ટ પર વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને ૨૫ થયો

। (એજન્સી) મસ્કત, તા.૨૮ ।

દક્ષિણ ઈરાનના એક પોર્ટ પર થયેલા ભીષણ વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને ૨૫ થયો છે. મિસાઈલ પ્રોપેલન્ટ બનાવવામાં ઉપયોગ કરાતા રાસાયણિક ઘટકના મોટા જથ્થામાં આગ લાગતા આ દુર્ઘટના સર્જાઇ હતી. જેમાં ૮૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે.શાહિદ રાજાઈ પોર્ટ પર શનિવારની રાતથી લઈને રવિવારની સવાર સુધી હેલીકોપ્ટર અને વિમાનો દ્વારા ભડકેલી આગ પર પાણી છાંટવામાં આવ્યું હતું. આ વિસ્ફોટ એવા સમયે થયો, જ્યારે ઈરાન અને અમેરિકા શનિવારે તેહરાનના ઝડપથી આગળ વધી રહેલા પરમાણુ કાર્યક્રમની ત્રીજા તબક્કાની વાતચીત માટે ઓમાનમાં મળ્યા હતા. ઈરાનમાં કોઈએ સીધી રીતે એમ કહ્યું નથી કે વિસ્ફોટ કોઈ હુમલાને કારણે થયો છે. જોકે, ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ બુધવારે સ્વીકાર કર્યો હતો કે ઉચિત પ્રતિક્રિયાને ભડકાવવા માટે ડિઝાઈન કરાયેલા અને તોડફોડ તથા હત્યાના પ્રયાસોના ભૂતકાળના ઉદાહરણોને જોતા અમારી સુરક્ષા એજન્સી હાઈ એલર્ટ પર છે.

### રાણા સાંગાને ગદ્દાર કહેવા પર કરણી સેના અને ક્ષત્રિય સમાજે કાળા ઝંડા દેખાડ્યા

# UPના સપા સાંસદ રામજીલાલના કાફલા પર અલીગઢમાં હુમલો

## સપા પ્રમુખ અખિલેશ યાદવે આને સુનિયોજિત હુમલો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે ભાજપના લોકો પણ આવા હુમલાના શિકાર બનશે

। (એજન્સી) અલીગઢ, તા.૨૮ ।

ઉત્તરપ્રદેશના સમાજવાદી પાર્ટીના રાજ્યસભા સાંસદ રામજીલાલ સુમને રાણા સાંગાને ગદ્દાર કહ્યા હતા. હવે આ વિવાદ મામલે સાંસદ રામજીલાલ સુમનના કાફલા પર રવિવારે ક્ષત્રિય મહાસભા અને કરણી સેનાના કાર્યકરોએ હુમલો કર્યો હતો. દિલ્હી-કાનપુર હાઈવે પર તેમના કાફલા પર ટાયરો પણ ફેંકવામાં આવ્યા તેમજ કાળા ઝંડા દેખાડવાની સાથે કાળુ તેલ ફેંકીને વિરોધ કરવામાં આવ્યો હતો. સાંસદ રામજીલાલ સુમન બુલંદશહરના સુનહરા ગામમાં દલિત પરિવારને મળવા જઈ રહ્યા હતા, ત્યારે કાફલા પર હુમલાની ઘટના બની હતી. ત્યાર પછી પોલીસે સાંસદને ગભાના ટોલથી જ પરત આગ્રા મોકલી દીધા હતા.સપા પ્રમુખ અખિલેશ યાદવે આને સુનિયોજિત હુમલો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે ભાજપના લોકો પણ આવા હુમલાના શિકાર બનશે. ઉલ્લેખનીય છે કે, ૨૧મી એપ્રિલે બુલંદશહરના સુનહરા ગામમાં નજીવી તકરારમાં દલિત પરિવાર પર કાર ચડાવવાની ઘટનામાં એક વૃદ્ધ મહિલાનું મોત થયું હતું. રવિવારે સાંસદ રામજીલાલ સુમન પીડિત પરિવારને મળવા માટે જઈ રહ્યા હતા.

## વિશેષ

### અમદાવાદ શહેરમાં છેલ્લાં ત્રણ વર્ષમાં ૭૦ લાખથી વધુ વૃક્ષોનું વૃક્ષોરોપણ

# ૭૦ લાખથી વધુ વૃક્ષોના વાવેતર અને જળ સંચય માટે વોટર બોડીઝના વધારાથી અમદાવાદ ગ્લોબલ વોર્મિંગ સામે લડનારા મુખ્ય શહેરોમાંનું એક શહેર બન્યું

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ મહાનગરે ૭૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર અને સાબરમતી રિવરફ્રન્ટના પરિણામે તથા કાંકરિયા સહિતનાં તળાવોના પુનઃ નિર્માણ દ્વારા જળસંચય- સંગ્રહ તથા ગ્રીન કવરમાં નોંધપાત્ર વધારો કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકપ્રિય કાર્યક્રમ 'મન કી બાત'ના તારીખ ૨૭ એપ્રિલના એપિસોડમાં અમદાવાદ મહાનગરની આ નોંધપાત્ર કામગીરીની પ્રશંસા કરી હતી.

વૃક્ષાચ્છાદિત આવરણ વધતા અને જળસંગ્રહ ક્ષમતા માટેના ઉપાયો હાથ ધરાતા અમદાવાદ ગ્લોબલ વોર્મિંગ સામે લડનારા મુખ્ય શહેરોમાંનું એક શહેર બન્યું છે, એમ પણ પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનશ્રીએ કરેલી આ પ્રશંસા અમદાવાદ સહિત સમગ્ર રાજ્ય માટે 'એક પેડ મા કે નામ' ના આહવાનને ઝીલી લેવાની નવી પ્રેરણા પૂરી પાડશે, તેમ જણાવ્યું હતું. 'એક પેડ મા કે નામ' અને 'કેચ ધ રેઈન' જેવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સંકલ્પો પાર પાડવા ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં સંપૂર્ણ સજ્જ છે.

રાજ્યના શહેરો - નગરોના સર્વગ્રાહી વિકાસની નેમ સાથે આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવીને પર્યાવરણપ્રિય અને સાતત્યપૂર્ણ વિકાસ માટે રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે સંગીન આયોજન કર્યું છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં શહેરી વિકાસ વિભાગે ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્યો સાથેના કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો પણ કર્યા છે. અમદાવાદ મહાનગરપાલિકાએ 'કેચ ધ રેઈન' અન્વયે રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે પરકોલેટિંગ વેલ, ખંભાતી કૂવા તથા જળસંચયના જે કામો જનભાગીદારીથી મોટા પાયે હાથ ધર્યા છે તે પ્રોજેક્ટને રાજ્ય વ્યાપી બનાવવા માટે કેચ ધ રેઈન માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત જળસંચયના ભાગરૂપે રાજ્યના મોટા મહાનગરોના તળાવનું ઈન્ટરલિંકિંગ



કરવાનું આયોજન પણ આ શહેરી વિકાસ વર્ષમાં કરાયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ધરતી માતાનું સ્વાસ્થ્ય જાળવી રાખવા સાથે આવનારી પેઢીના ભાવિની સુરક્ષા હેતુસર ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા વધુને વધુ વૃક્ષો 'એક પેડ માં કે નામ' અભિયાનથી વાવવાનું દેશવાસીઓને આહવાન કર્યું છે.

ગુજરાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આગામી ચોમાસા પહેલા આ અભિયાન રાજ્યભરમાં હાથ ધરીને ૫૦ લાખથી વધુ વૃક્ષો શહેરી વિસ્તારોમાં વાવવાનું નક્કી કર્યું છે. આ ઉપરાંત શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ અન્વયે રાજ્યના મહાનગરોમાં એક હેક્ટરથી વધુ વિસ્તાર અને ૪૦,૦૦૦થી વધુ વૃક્ષો વાવી શકાય તે રીતે ૧૦૦થી વધુ અર્બન ફોરેસ્ટ ઊભા કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારે નવી ટાઉન પ્લાનિંગ સ્કીમમાં એક ટકા જમીન અર્બન ફોરેસ્ટ માટે અનામત રાખવાનું પણ ફરજિયાત બનાવ્યું છે. તેમજ જે નગરપાલિકાઓમાં એક પણ બગીચો ન હતા તેવી ૩૮ નગરપાલિકાઓમાં બગીચાઓના નિર્માણનું આયોજન કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શન અને દૃષ્ટિવંત નેતૃત્વમાં અમદાવાદ મહાનગરપાલિકાએ પણ ગ્રીન કવર વધારવામાં અનેક સિદ્ધિઓ મેળવી છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ સંદર્ભે આપ વામાં આવેલી વિગતો અનુસાર અમદાવાદમાં ૨૦૨૦-૨૧થી ૨૦૨૪-૨૫ વચ્ચે ૯૩ લાખથી અધિક વૃક્ષો વાવવામાં આવ્યા છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૭૦ લાખ વૃક્ષોનો સમાવેશ થાય છે. મિશન મિલિયન ટ્રીઝ ઝુંબેશ અમદાવાદમાં શરૂ કરીને નાગરિકોની સહભાગિતાથી સઘન વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. પાછલાં પાંચ વર્ષમાં ૨૬૦થી વધુ અર્બન ફોરેસ્ટ અને ઓક્સિજન પાર્ક અમદાવાદમાં ડેવલપ થયાં છે. આ બધાના પરિણામે ૨૦૨૩ સુધી સરેરાશ વૃક્ષ અસ્તિત્વ દર ૬ ટકા હતો તે ૨૦૨૪માં ૮.૪% થયો છે. 'એક પેડ મા કે નામ' જેવા અભિયાનને પરિણામે અમદાવાદનું હાલનું વૃક્ષ આવરણ ૬૦ ચોરસ કિલોમીટર છે જે શહેરના કુલ વિસ્તારના ૧૨.૫ ટકા જેટલું થયું છે.

અમદાવાદ મહાનગરપાલિકાના આ સંકલિત પ્રયાસોને પરિણામે વ્યક્તિદીઠ ગ્રીન કવર ૨૦૨૧માં ૬.૮ ચોરસ કિલોમીટરથી વધીને ૨૦૨૪માં ૮.૪ થયું છે. આ ઉપરાંત મહાનગરપાલિકાના ૪૮ વોર્ડમાંથી ૪૧વોર્ડમાં વૃક્ષાચ્છાદિત વિસ્તારોમાં પણ વધારો થયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શનમાં શહેરી વિકાસ વિભાગ શહેરી વિકાસ વર્ષમાં નગરોના ગ્રીન કવર એરિયામાં વધારો કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે. અમદાવાદ મહાનગરપાલિકાએ આ વર્ષમાં સમગ્ર શહેરમાં ૪૦ લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ મહાનગરમાં વૃક્ષાચ્છાદિત વિસ્તાર અને જળસંચયના કામોની કરેલી સરાહના આ માટે સમગ્ર રાજ્યનું પ્રોત્સાહન કરનારી બની રહેશે.

## સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા અને દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ મંડળના મહેસાણા-પાલનપુર રેલવે સેક્શન પર સિદ્ધપુર અને કામલી સ્ટેશનો વચ્ચે આવેલ બ્રિજ નં. ૯૨૩ ના પુનઃબાંધકામ માટે એન્જિનિયરીંગ કામને લીધે સાબરમતી-યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ અને દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગથી ચાલશે તથા ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે :-

૧. ૨૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ સાબરમતીથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૦૩૧ સાબરમતી-યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઉંઝા-સિદ્ધપુર-પાલનપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા મહેસાણા-પાટણ-ભીલડી-પાલનપુરના રસ્તે ચાલશે તથા ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં.

૨. ૨૮ એપ્રિલ ૨૦૨૫ ના રોજ દોલતપુર ચોકથી ચાલનારી ટ્રેન નંબર ૧૯૪૧૨ દોલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા-ઉંઝા-સિદ્ધપુર-પાલનપુરને બદલે પરિવર્તિત માર્ગ વાયા પાલનપુર-ભીલડી-પાટણ-મહેસાણાના રસ્તે ચાલશે તથા ઉંઝા અને સિદ્ધપુર સ્ટેશનો પર જશે નહીં.

યાત્રીઓને વિનંતી છે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સમય, રોકાણ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# કપરાડા તાલુકાના અંભેટીમાં ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ કરતા રાજ્યના ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ

। વલસાડ, તા.૨૮ ।

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લી. (જેટકો) દ્વારા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના અંભેટી ખાતે રૂ. ૮.૮૫ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કે. વી. સબ સ્ટેશનનું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે નાણાંમંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ કપરાડાના ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીના પ્રજાલક્ષી અભિગમને બિરદાવી જણાવ્યું કે, જીતુભાઈ લોકોના કલ્યાકારી પ્રશ્નોનું ધ્યાન રાખી પ્રજાના પ્રશ્નો હલ કરી રહ્યા છે. જીતુભાઈના સહયોગથી કપરાડા તાલુકાના અંભેટી – આસમા બ્રીજ ૨.૫૦ કરોડના ખર્ચે અને ગોયમાં અંભેટી બ્રીજ રૂા. ૧૫ કરોડની મંજૂરી મળી ગઈ છે તેની મંત્રીશ્રીએ જાહેરાત કરી તેમને અભિનંદન આપ્યા હતા. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૧ માં ગુજરાતનું સુકાન સંભાળ્યા ત્યારે ગુજરાતમાં પાવરની જે સ્થિતિ હતી તેમાં ઉત્તરોતર સુધરતી ગઈ. સોલાર પોલીસીનો ઉલ્લેખ કરી વર્ષ ૨૦૦૯માં સોલાર પોલીસી અમલમાં મૂકી હતી. જેને પરિણામે કોલસાથી પેદા થતી વીજળી કરતાં સોલારથી પેદા થતી વીજળી સસ્તી પડે છે જેના લીધે જ આજે ખેડૂતોને દિવસે પણ વીજળી મળી રહી છે. આવા અનેક કામો ગુજરાતમાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સહયોગથી થઈ રહયા છે. આજ પ્રમાણે વલસાડ જિલ્લામાં પણ અનેક વિકાસના કાર્યો થઈ રહયા છે. મંત્રીશ્રીએ આ પ્રસંગે સ્માર્ટ મીટર લગાવવા માટે કોઈપણ જાતની ગેરસમજ વગર લગાવવા માટે વિનંતી કરી હતી. અને આ મીટરને લીધે દરેક ગ્રાહકને ફાયદો થાય છે એમ જણાવ્યું હતું. લોકસભાના દંડક અને વલસાડ- ડાંગ સાંસદશ્રી ધવલભાઈ પટેલે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ઉમરગામથી અંબાજી સુધીની આદિવાસી વિસ્તારમાં આદિવાસીઓના ઉત્કર્ષ માટે વનબંધુ અને સાગરખેડૂ યોજનાનું અમલીકરણ કર્યુ હતૂં જે આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સારી રીતે થઈ રહયું છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સૌના સાથ, સૌના વિકાસ અને સૌના વિશ્વાસના મંત્રને લઈ આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ ગુજરાતનો દરેક ક્ષેત્રમાં વિકાસ કરી રહયા છે.

### રાજુલા પંથકમાં બે મૃતદેહ મળ્યા

# ગીરમાં વસતી ગણતરી પહેલાં જ અમરેલીમાં સિંહોના મોતથી ચિંતા

## વન વિભાગની ટીમે તાત્કાલિક બંને મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી આપ્યા હતા

। (એજન્સી) અમરેલી, તા.૨૮ ।

અમરેલી જિલ્લામાં સિંહોની વસ્તી ગણતરી પહેલાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં છેલ્લા ચાર દિવસમાં ત્રણ સિંહોના મોત થયા છે. આ ઘટનાએ વન વિભાગ અને સિંહપ્રેમીઓમાં ચિંતાનું મોજું ફેલાવી દીધું છે.પ્રાપ્ત માહિતી અનુસાર, રાજુલા તાલુકાના પીપાવાવ-ભેરાઈ વિસ્તારમાં બે દિવસ અગાઉ એક બાળ સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારબાદ, રાજુલાના કોટડી ગામ નજીક રેવન્યુ વિસ્તારમાં આવેલી એક વાડીમાંથી અંદાજે દોઢથી બે વર્ષની ઉંમરના એક યુવાન નર સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. વન વિભાગની ટીમે તાત્કાલિક બંને મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી આપ્યા હતા.આ પહેલાં, સાવરકુંડલા અને અમરેલી વચ્ચે એક સિંહનું ટ્રક સાથે અકસ્માત થતાં મોત નીપજ્યું હતું. શેત્રુજી ડિવિઝનના એસીએફ વિરલસિંહ ચાવડાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બંને સિંહોના મોત કુદરતી કારણોસર થયા છે અને કોઈ અકુદરતી ઘટના બની નથી.આગામી દસ દિવસમાં સિંહોની વસ્તી ગણતરી યોજાવાની છે, અને વન વિભાગ તેની તૈયારીઓમાં વ્યસ્ત છે. જો કે, સિંહોના સતત મોતની આ ઘટનાઓએ વન વિભાગમાં દોડધામ મચાવી દીધી છે. સિંહોના આ રીતે થતા મૃત્યુથી સિંહપ્રેમીઓમાં ભારે ચિંતા જોવા મળી રહી છે.

# 'આરોગ્ય સાથી' પ્રોજેક્ટ હેઠળ રાજકોટ સિવિલ હોસ્પિટલના ૯૦૦થી વધુ કર્મચારીઓ માટે 'સોફ્ટ સ્કિલ' તાલીમનો પ્રારંભ

## દર્દીની સારવારમાં સહાનુભૂતિ, ભીડ વ્યવસ્થાપન, માનવીય અભિગમ, ટીમ વર્ક, માઈન્ડ ડેવલોપમેન્ટ, અસરકારક કમ્યુનિકેશનનો બે દિવસીય તાલીમ-વર્કશોપ

। રાજકોટ, તા.૨૮ ।

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને સારવારમાં સુગમતા અને સધિયારો મળી રહે તે માટે હોસ્પિટલના કર્મચારીઓ માટે 'આરોગ્ય સાથી' પ્રોજેક્ટ હેઠળ 'સોફટ સ્કિલ' તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે. ઈ.એમ. આર.આઈ. -જી.એચ.એસ. ના સહયોગથી રાજકોટ પી.ડી.યુ. સિવિલના વોર્ડ સ્ટાફ, કેસ વિન્ડો, સિક્યોરિટી સહિતના આશરે ૯૦૦ જેટલા સ્ટાફ માટે આયોજિત 'આરોગ્ય સાથી' તાલીમનો પ્રારંભ આજરોજ એમ.સી.એચ. વીંગ ખાતે કરવામાં આવ્યો છે. 'સોફટ સ્કિલ' ટ્રેનીંગ અંગે ટ્રેનર શ્રી વૈશાલી ચુડાસમાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, બે દિવસીય તાલીમ પ્રોગ્રામમાં સ્ટાફની હોસ્પિટલ મેનેજમેન્ટમાં ભૂમિકા, દર્દીની સંભાળમાં સહાનુભૂતિ, પરસ્પર જોડાયેલી જવાબદારીઓનું



સંચાલન, દર્દી-કેન્દ્રિત અભિગમ વિકસાવવો, અવલોકન દ્વારા ભીડનું સંચાલન તેમજ મેનેજમેન્ટ કરવું, હોસ્પિટલોમાં સંઘર્ષ અંગે નિરાકરણ લાવવું, અસરકારક સંદેશાવ્યવહાર કૌશલ્ય, સારવાર માટે આવનાર વિકલાંગ વ્યક્તિઓને મદદ કરવા સહિતના વિષયો પર બે દિવસ દરમ્યાન વિવિધ સેશનમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. આ ઉપરાંત ઉપરોક્ત વિષય સંદર્ભે કેસ સ્ટડીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુશ્કેલ મુલાકાતીનું સંચાલન કરવું, મર્યાદિત ગતિશીલતા ધરાવતા દર્દીને મદદ કરવી તેમજ મોકડ્રિલ દ્વારા લાઈવ તાલીમ પુરી પાડવામાં આવશે.બે દિવસીય તાલીમમાં પ્રતિ બેચ ૨૫ કર્મચારીઓને ટ્રેનીંગ આપવામાં આવશે. તાલીમ બાદ દરેક સહભાગી થનાર કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. તેમની સાથે સહ ટ્રેનર તરીકે શ્રી વિપુલકુમાર પંડ્યા એમ.સી.એચ. બિલ્ડીંગમાં ટ્રેનીંગ સેન્ટરમાં માર્ગદર્શન આપી રહ્યા છે. 'આરોગ્ય સાથી' તાલીમ કાર્યક્રમનો શુભારંભ આજરોજ સિવિલ અધિક્ષક ડો. મોનાલી માકડીયા, આર.એમ.ઓ. ડો. હર્ષદ દુસરા, ડો.એચ. જાવિયા, ડો.હરેશ ભાડેસિયા, આસિસ્ટન્ટ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર અંકિતા સિંહ, સિવિલના એચ.આર. મેનેજર શ્રીમતી ભાવના સોની, એમ.સી.એચ. વિભાગના એચ.આર. શ્રીમતી પ્રેઝી જાડાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

## ૧ મે સુધી સાબરમતી – પાટણ – સાબરમતી ડેમૂ આંશિકરૂપે રદ રહેશે

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટ કામ હેઠળ રેલવે ટ્રેક નંબર ૭, ૮, ૯ અને ૧૦ ઉપર હાઈ રૂફ સ્ટીલ ગર્ડર લૉંચિંગ માટે બ્લોક લેવામાં આવ્યો છે જેના કારણે સાબરમતી – પાટણ ડેમૂ આંશિકરૂપે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે :

૧. તારીખ ૨૮.૦૪.૨૦૨૫ થી ૦૧.૦૫.૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૭૯૪૩૪ પાટણ-સાબરમતી ડેમૂ મહેસાણા અને સાબરમતી વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

૨. તારીખ ૨૮.૦૪.૨૦૨૫ થી ૦૧.૦૫.૨૦૨૫ સુધી ટ્રેન નંબર ૭૯૪૩૫ સાબરમતી-પાટણ ડેમૂ સાબરમતી અને મહેસાણા વચ્ચે આંશિકરૂપે રદ રહેશે.

ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર જઈને અવલોકન કરી શકે છે.

# તંદુરસ્ત ભવિષ્યના નિર્માણ માટે રાસાયણીક કૃષિને બદલે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવીએ

## પ્રાકૃતિક કૃષિ એટલે પરંપરાગત રાસાયણિક કૃષિ દ્વારા ઊભા થતા પડકારોનો ઉકેલ

। વડોદરા, તા.૨૮ ।

આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી તેમજ ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ નિરંતર પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપતા રહ્યા છે અને આ ઝુંબેશ માં રાજ્યના તમામ ખેડૂતો જોડાઈ તે માટે સદા પ્રયત્નશીલ છે. જેમા રાસાયણિક કૃષિ પદ્ધતિને બદલે વર્ષોથી ચાલી આવતી પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

માનવીના સ્વાસ્થ્યની સાથે જમીન સંરક્ષણ અને પર્યાવરણની જાળવણી માટે પણ પ્રાકૃતિક કૃષિ એટલી જ જરૂરી છે. રાસાયણિક કૃષિ પદ્ધતિઓના વ્યાપક ઉપયોગને કારણે પર્યાવરણ, માનવ સ્વાસ્થ્ય પર તેની હાનિકારક અસરો પડી છે. હવે સમય, તંદુરસ્ત ભવિષ્યના નિર્માણ માટે રાસાયણીક કૃષિને બદલે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિને અપનાવવાનો છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશકો જમીનનું ધોવાણ કરે છે. જેથી જમીનની કુદરતી રચનામાં વિક્ષેપ પડે છે, કાર્બનિક પદાર્થોને ઘટાડે છે અને જમીનની ફળદ્રુપતા માટે જરૂરી એવા મહત્વપૂર્ણ સુક્ષ્મ સજીવોનો નાશ કરી નુકસાન તરફ દોરી જાય છે. આ સુક્ષ્મજીવો જમીનની તંદુરસ્તી અને ફળદ્રુપતા જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. રાસાયણિક ખાતરોનો વધુ પડતો ઉપયોગ જમીનમાં જરૂરી પોષક તત્વોની ઉણપ તરફ દોરી જાય છે, પરિણામે અસંતુલન થાય છે જે પાકના આરોગ્ય અને ઉપજને અસર કરે છે. હવે જાણીએ રાસાયણિક કૃષિની સરખામણીએ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ કેવી રીતે પ્રભાવશાળી અને વધુ ફાયદાકારક છે. રાસાયણિક કૃષિને બદલે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનવવાનો અર્થ છે તંદુરસ્ત સમાજ નિર્માણની સાથે સ્વસ્થ ભવિષ્યનું સર્જન કરવું. પ્રાકૃતિક ખેતી અસંખ્ય ફાયદાઓ આપે છે જે પર્યાવરણની સાથેસાથે ખેડૂતો અને ગ્રાહકો માટે લાભદાયી છે. પ્રાકૃતિક કૃષિ ટકાઉ કૃષિ પદ્ધતિઓ સુનિશ્ચિત કરે છે જે ઉત્પાદકતા જાળવી રાખે છે અને પાકની ગુણવત્તામાં વધારો કરે છે. પ્રાકૃતિક કૃષિ મોંઘા રાસાયણિક ખાતરો પર નિર્ભરતા શૂન્ય કરે છે.

ખેડૂતો પોતાના જ ખેતરમાંથી ઉત્પન્ન થતાં કુદરતી જીવામૃતનો ઉપયોગ કરી નોંધપાત્ર રીતે ખર્ચ ઘટાડે છે.

પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવતા પાક વધુ સારા સ્વાદ, પોષણ મૂલ્ય સાથે ઉચ્ચ ગુણવત્તાવાળા હોય છે. તેનાથી ખેડૂતોને વધુ સારી આવક અને બજાર ભાવ વધારે મળે છે. પ્રાકૃતિક કૃષિની પદ્ધતિ જમીનની ઉત્પાદકતા અને ફળદ્રુપતાને જાળવી રાખે છે અને તેમાં વધારો પણ કરે છે. જે લાંબા ગાળાની કૃષિ સદ્ધરતા સુનિશ્ચિત કરે છે. સજીવ ખેતી જમીન, પાણી અને સમગ્ર પર્યાવરણ પર થતી નકારાત્મક અસરને ઘટાડે છે.

## ઉનાળુ વેકેશન દરમિયાન કાંકરિયા લેક ફ્રન્ટ સોમવારે ખુલ્લું રહેશે





। અમદાવાદ, તા.૨૮ ।

શાળાઓમાં ઉનાળુ વેકેશન ચાલી રહ્યું હોવાથી, વેકેશનની રજાઓને અનુલક્ષીને આગામી સોમવાર, તા. ૨૮-૦૪-૨૦૨૫, તા. ૦૫-૦૫-૨૦૨૫, તા. ૧૨-૦૫-૨૦૨૫, તા. ૧૯-૦૫-૨૦૨૫, તા. ૨૬-૦૫-૨૦૨૫ તથા તા. ૦૨-૦૬-૨૦૨૫ના રોજ કાંકરિયા લેક ફ્રન્ટ ખુલ્લા રાખવામાં આવશે.

કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં આવેલા કિડ્સ સિટી, નોક્ટર્નલ ઝૂ, પ્રાણીસંગ્રહાલય, બાલવાટિકા, નગીનાવાડી, બટરફ્લાય પાર્ક, તેમજ અન્ય તમામ રિફ્રેશમેન્ટ એક્ટીવીટીઝ જાહેર જનતા માટે ખુલ્લા રાખવામાં આવશે.

સામાન્ય રીતે સોમવારના દિવસે આ સ્થળો જાળવણી માટે બંધ રાખવામાં આવે છે, પરંતુ ઉનાળુ વેકેશન દરમિયાન નાગરિકો અને બાળકો રજાનો આનંદ માણી શકે તે હેતુથી આ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# બલવંતસિંહ રાજપૂતના હસ્તે વિવિધ એમ.ઓ.યુ હસ્તાક્ષર, ડ્રોન તાલીમ કેન્દ્રો તથા આઈટીઆઈના નવીન મકાનોનું વર્ચ્યુલી લોકાર્પણ કરાયું

। ગાંધીનગર, તા.૨૮ ।

આજે ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રાજ્યના રોજગારવાન્છું યુવાનો માટે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટી તથા નર્મદા રૂરલ ડેવલોપમેન્ટ સોસાયટી, નેમટેક તેમજ અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિએશન સાથે એમ.ઓ.યુ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કેબિનેટ મંત્રીશ્રીના હસ્તે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટીના સ્કૂલ ઓફ ડ્રોન અંતર્ગત નવનિર્મિત ડ્રોન તાલીમ કેન્દ્ર બીલીમોરા અને માંડવી –સુરતનું લોકાર્પણ કરાયું હતું. મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે રૂ.૮૫ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલ આઈ. ટી.આઈ ભાવનગર, પ્રતાપનગર અને દેવભૂમિ દ્વારકા નવનિર્મિત મકાનનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી નીમુબેન બામણીયા વર્ચ્યુલી તેમજ શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કુંવરજી હળપતિ પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જી.એન.એફ.સી. ભરૂચના તાબા હેઠળ ચાલતી 'નર્મદા રૂરલ ડેવલોપમેન્ટ સોસાયટી' સાથેના એમ.ઓ.યુ. થકી કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટી દ્વારા માન્ય ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકેટ તથા અન્ય શોર્ટ ટર્મ-લોંગ ટર્મ કોર્ષ માંગ અનુસાર મંજૂર કરી ચલાવાશે, ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ - ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના તથા અન્ય ઉદ્યોગોના ટ્રેનરને તાલીમબદ્ધ કરાશે, બજારની માંગ અનુસાર નવીનતમ ટેકનોલોજીને અનુરૂપ સ્કિલના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવશે.




રિસર્ચ-કન્સલ્ટિંગ બાબતે કામગીરી કરાશે તેમજ વર્લ્ડ સ્કિલ કોમ્પિટિશન જેવી સ્પર્ધાઓમાં રાજ્યના યુવાનો માટે તાલીમ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે. આ એમ.ઓ.યુ.થી નેમટેક દ્વારા ચલાવતા અભ્યાસક્રમને કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટી દ્વારા નિયમનુસાર એફિલીએશન પ્રદાન કરવામાં આવશે, યુનિવર્સીટી દ્વારા માન્ય ડિગ્રી, ડિપ્લોમા, સર્ટિફિકેટ તથા અન્ય શોર્ટ-લોંગ ટર્મ કોર્ષમાં સમયની માંગ અનુસાર મંજૂર કરી ચલાવાશે, થીયરી, પ્રેક્ટિકલ, ડેમોસ્ટ્રેશન, લેબોરેટરી, વર્કશોપ વગેરેની ફેસીલીટી પૂરી પાડવામાં આવશે, તાલીમ કાર્ય માટે નિષ્ણાંત ફેકલ્ટીની સેવાઓ નેમટેક દ્વારા પૂરી પાડવામાં આવશે, સમયાંતરે ટ્રેનર્સને તાલીમ અપાશે તેમજ ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોને નેમટેક પ્લેસમેન્ટ માટે મદદરૂપ થશે. કૌશલ્યા- ધ સ્કિલ યુનિવર્સીટી અને અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિએશન એમ.ઓ.યુ. થકી લોજિસ્ટિક સેકટરને લગતા નવીન અભ્યાસક્રમો એસોસિએશનની મદદથી તૈયાર કરવામાં આવશે, રાજ્યના યુવાધનને રોજગારી તેમજ સ્વરોજગારી આપવા માટે જરૂરી સ્કિલ આપી મદદરૂપ થશે.

